# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૬ • અંક ૪ • સળંગ અંક ૬૨ • મુંબઈ • જાન્યુઆરી, ૨૦૧૨ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/-

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## મંડળનો શતાબ્દી વર્ષમાં મંગળ પ્રવેશ

### પ્રમુખ સ્થાનેથી...

સ્નેહી સ્વજન,

જય જિનેન્દ્ર !

શિસ્તબદ્ધ ગણાતા સંયુક્ત કુટુંબથી માંડી સમાજ કે સંસ્થા સર્વત્ર કાનાફુસીની માયાજાળ બંધાતી રહે છે. ભૂતકાળ અને વર્તમાનકાળ બન્નેની વાતો નોખી અને અનોખી છે. મૌન રહીને, પુખ્ત બનીને નિખાલસ લોકશાહી પાંગરી અને પ્રસરી જ્યારે વર્તમાનમાં આંતરિક ખેંચતાણ અને હુંસાતૂંસીએ સૌના મનોમસ્તીષ્ક પર કબજો જમાવ્યો છે. આ ખટપટનું પ્રેરકબળ લાલચ હોય છે જે યુક્તિ પ્રયુક્તિનો આશરો અને આશ્રય લે છે તેની કડવાશ અને કટુતા સમાજને નેસ્ત નાબુદ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સાચી વિષયવસ્તુમાં ઊંડા ઊતરતા જણાશે કે આપણા અહમને સંતોષવામાં અમુલ્ય સમય બરબાદ થાય છે. એક વખત શરૂ થયેલ આ દુષણ સદૈવ બેલગામ રહે છે. જે અનિચ્છનિય છે. અત્યાર સુધી આપણે સમાજના હીતને અનુલક્ષીને અનુસરતા હતા. આજે પૂર્વગ્રહો, ગેરસમજો, ધિક્કાર અને નફરતની અભિવ્યક્તિ ધીમા ઝેર જેવી સાબિત થઈ રહી છે.

### સમયને સથવારે...

સમગ્ર સંસ્કૃતિ અને સભ્યતા ગુંગળાય છે જેને પ્રાણવાયુની જરૂર છે. ખેલદિલી, નિખાલસતા અને પારદર્શિતા જેવા ગુણો અપનાવવાની તાતી આવશ્યકતા છે. બીજાની લીટી ટૂંકી કરનાર નહીં પણ પોતાની લીટી લાંબી કરનાર જ સમાજ અને સંસ્થાનો ઉદ્ધારક બને છે. મહાકાલના ગહન અંધકારમાં આપણું જીવન તો એકાદ ક્ષણ બળતી અને થરથરતી મીણબત્તી જેવું છે. તેનાથી જેટલો પ્રકાશ પાથરી શકીએ તેટલી જીવનની સાર્થકતા ! ભાષા અને અભિવ્યક્તિને નાભિ-નાડનો સંબંધ હોય છે. હું માનું છું કે જીવનમાં તથ્ય અને સત્યને જાણવા અને માણવા અને તેની અનુભૂતિ કરવા આપણને જીવનમાં આંખ અને પાંખ બન્ને જોઈએ.

આવો મિત્રો જીવનનું પૃથ્થકરણ કરવાને બદલે નિર્ણય અને કર્તવ્યપાલન થકી વર્તમાનની સીમાઓ વિકસાવવા કંઈક અનન્ય કરવાની ધગશ કેળવીએ. સંખ્યાની દૃષ્ટિએ હંગામી રીતે કાંટા વધુ હોવા છતાં લોકાર્ષક રહેતા નથી. કારણ કે સુંવાળપની દૃષ્ટિએ ન્યોછાવર થતાં પુષ્પો બીનહરિફ આકર્ષણનું કેન્દ્ર બને છે. તેથી

*એવો ભ્રમ કદી ન પાળવો,*
*આકાશ અહીંથી અહીં સુધી !*
*ક્ષિતિજ કંઈ સીમા નથી,*
*જો વિસ્તરણ કરતાં રહીએ !*

તા. ૫ જાન્યુઆરી,૨૦૧૨ના નવલા વર્ષના મંગળ પ્રભાતે સમાજના વરિષ્ઠ નાગરિકોનો શાહપુર-ધર્મચક્ર યાત્રા પ્રવાસ શ્રી પાટણ જૈન મંડળ જીવન સૌરભ સમિતિ દ્વારા આયોજિત અને શ્રીમતી ભગવતીબેન વિનોદ ચંદ્ર માટલીવાલા પરિવાર (કનાસાનો પાડો) તથા શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર શાહ પરિવાર (ઝવેરીવાડો) પ્રેરિત, રંગેચંગે પરિપૂર્ણ થયો. દાતા પરિવારો તથા જીવન સૌરભ સમિતિને તેની સફળતા બદલ હાર્દિક અભિનંદન.

નૂતન વર્ષ આપ સૌને પ્રગતિને પંથે દોરે તેવી અભ્યર્થના !

આભાર !

**☐ દિનેશભાઈ રસિકલાલ શાહ**
**પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી**

# શ્રી પાટણ જૈન મંડળ

## વ્યવસ્થાપક સમિતિની ત્રિવાર્ષિક ચૂંટણી

**વર્ષ ૨૦૧૨-૨૦૧૩ થી ૨૦૧૪-૨૦૧૫**

૧. ચૂંટણી માટેનો દિવસ અને સમય :

રવિવાર, તા. ૦૪-૦૩-૨૦૧૨ (ફાગણ સુદ ૧૧)

૨. મતદાન સ્થળો: કુલ ૬ કેન્દ્રો

૧. મરીન ડ્રાઈવ   ૨. ચોપાટી   ૩. વિલેપાર્લે
૪. ગોરેગામ   ૫. કાંદિવલી   ૬. બોરીવલી

૩. ઉમેદવારી પત્રક મેળવવાનું તથા ભરીને પરત કરવાનું

શનિવાર, તા. ૨૮-૦૧-૨૦૧૨
સવારના ૧૧.૦૦ થી સાંજના ૬.૦૦ સુધી.

૪. ઉમેદવારી પત્રક ભરીને આપવાનો છેલ્લો દિવસ :

શનિવાર, તા. ૦૪-૦૨-૨૦૧૨,મહા સુદ ૧૨
સાંજના ૬.૦૦ સુધી.

૫. ઉમેદવારી પત્રક પાછું ખેંચવાનો દિવસ :

બુધવાર, તા. ૦૮-૦૨-૨૦૧૨, મહા વદ ૧
સાંજના ૬.૦૦ સુધી.

# નમ્ર વિનંતી

**શ્રી પાટણ જૈન મંડળ** શતાબ્દિ વર્ષ નિમિત્તે પ્રગટ કરવામાં આવેલ કૅલેન્ડરો દરેક પરિવારોને પોસ્ટ દ્વારા મોકલી આપવામાં આવેલ છે. સંજોગોવશાત્ ન મળેલ હોય તો મંડળના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી લેશો. ઉપરાંત ગોરેગામ તથા ભાયંદર ખાતે વસતા સમાજના પરિવારોના કૅલેન્ડરો નીચે જણાવેલ સરનામેથી મેળવી લેવા વિનંતી.

**ગોરેગામ :**

**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય**
'રૂપમ', ૧૫૨, જવાહરનગર,
ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૨.

**ભાયંદર :**

**શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ - પટણી ઍજન્સી**
૭/B, સર્વોદય ઍપાર્ટમેન્ટ,
નારાયણ નગર X રોડ,
સુદામા ટાવર, દેરાસરની બાજુમાં, ભાયંદર (વેસ્ટ).

# સંસ્થા સમાચાર

**શ્રી લીમડીના પાડાનો મહોત્સવ રંગેચંગે સંપન્ન :**

પાટણ **શ્રી લીમડીના પાડામાં શ્રી શાંતિનાથ ભગવાન**નું ભવ્ય દેવવિમાન તુલ્ય જિનાલય પાટણના રાજમાર્ગ પર આવેલ એક માત્ર અદ્‌ભૂત જીનાલય છે જે ત્રણ દરવાજાની અડોઅડ શોભાયમાન છે અને પાટણની પ્રભુતાની છડી પોકારે છે. આ જિનાલયમાં આ વર્ષે **માગસર વદ ૧૪ થી પોષ સુદ–૫ તા. ૨૩–૧૨–૨૦૧૧ થી તા. ૨૯–૧૧–૨૦૧૧** સુધી મહોત્સવ ખૂબ જ સુંદર રીતે અત્યંત ભાવોલ્લાસ સાથે તથા ઉત્કૃષ્ટ વસ્ત્ર પરિધાન અને ભક્તિભાવ સાથે ઉજવાયો. જેમા મહોલ્લાના ૪૦૦ થી અધિક શ્રાવક-શ્રાવિકાઓએ તથા બાળકોએ ભાગ લીધો. મહોત્સવને ખૂબ જ આનંદ સાથે માણ્યો. સ્નેહ સમર્પણ સાથે ભક્તિભાવનો અદ્‌ભુત માહોલ રચાયો હતો. મહોત્સવમાં વિવિધ પ્રકારના પૂજનો, અનુષ્ઠાનો વિગેરે કરવામાં આવ્યા હતા. મોહલ્લાના સર્વે ભાઈ–બહેનોએ ભક્તિભાવપૂર્વક લાભ લીધો હતો.

દરરોજ પ્રભુજીની સુંદર આંગી, સંધ્યા ભક્તિ આદિનું રસપાન, રોજ સવારે પાટણના વિવિધ જિનાલયોની ચૈત્ય પરિપાટી, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ-જેમાં ટેલેન્ટ પરેડ, વરઘોડામાં ચિત્તાકર્ષક વેશભૂષા, ટેલીમેચ, તોલમોલ કે બોલ, બાય-બેગ-બોરો (Buy-Bag-Borrow) આવી સુંદર સ્પર્ધાઓમાં મન મૂકી વરસ્યા હતા. પ્રભુભક્તિ સાથે આનંદોત્સવનો સાત દિવસનો કાર્યક્રમ અદ્‌ભુત અને અનન્ય રહ્યો હતો જેની સ્મૃતિ આવનારા વર્ષો સુધી લોકો પ્રેમથી વાગોળશે. સવાર, બપોર અને સાંજે રસ ઝરતા ભાવતા ભોજનની બેનમૂન વ્યવસ્થા કરવામાં આવી હતી, જેનો આસ્વાદ લોકોએ હોંશે હોંશે માણ્યો હતો. મહોલ્લાના સર્વે શ્રાવક-શ્રાવિકાઓને કાર્યવાહક સમિતિના કોટિ કોટિ ધન્યવાદ.

**કોકાપાર્શ્વનાથજી ભગવાનની સાલગીરીની ઉજવણી**

કોકાના પાડાના શ્રી કોકાપાર્શ્વનાથજી ભગવાનની સાલગીરીની ઉજવણી મહાવદ ૧ બુધવાર તા. ૮–૨–૨૦૧૨ના રોજ નીચેના સ્થળ અને સમયે આયોજન કરેલ છે. કોકાના પાડાના ભાઈબહેનોને સમયસર હાજર થવા વિનંતી છે.

સ્થળ : ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર, ૪૭, મહાત્મા ગાંધી રોડ, બેંક ઑફ ઈન્ડિયાની સામે, વિલેપાર્લે (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૫૭.

સમય : પંચ કલ્યાણક પૂજા ૯–૩૦ થી ૧૧–૩૦.

જમણ : બપોરના ૧૨ થી ૧–૩૦.

**ચેતના યુથ ગ્રુપ : દર્દીઓને સહાય : માનવ સેવા**

હાલમાં કેન્સર/કીડનીના દરદીઓ વધતા જાય છે. ત્યારે કીડની પેશન્ટને રૂા. ૩૯૦/-, રૂા. ૫૦૦/-, રૂા. ૬૦૦/- જેવો ખર્ચ એક ડાયાલીસીસ માટે આવે છે. દર મહિને ૮ ડાયાલીસીસ કરવા પડે છે. જ્યારે કેન્સર પેશન્ટને ૧ કેમો થેરીપી રૂા. ૧૬૦૦૦/- ની થાય છે. આવી ૬ કેમો લેવી પડે છે. તો ઓછામાં ઓછા બે કેન્સરના દર્દીને સહાયક થવા `Tata Memorial Hospital ના નામનો ચેક આપવો અથવા Kidney Patient ને સહાયક થવા `Chetna Youth Group' અગર તો હૉસ્પિટલના નામનો ચેક આપી શકાશે.

વધુ જાણકારી માટે સંપર્ક : **દિનેશ પી. શાહ–૯૩૨૩૪૨૩૫૬.**

## સંપાદકીય...

# જીવનનો અભિગમ

આજે વહેલી સવારે વસંતઋતુ બેસી ગઈ છે. એનો અહેસાસ ઠંડી હવાની લહેરખીઓથી થાય છે. આ ઋતુના આગમન સાથે જ **૧૪ મી ફેબ્રુઆરી-વેલેન્ટાઈન્સ** ડે આવી રહ્યો છે. **વસંત ઋતુ, એ નવસર્જનની ઋતુ છે. પ્રેમના રંગે રંગાવાની ઋતુ છે.** ઉત્સવોની માળા લઈને આવે છે ત્યારે યુવાન હૈયાઓનો મુડ બદલાઈ જાય છે. આ મોસમનો જાદુ જ એવો છે કે; દિલ પંછી બન ઉડ જાતા હૈ, હમ ખોયે ખોયે રહતે હૈ...પ્રેમની અભિવ્યક્તિની આ મોસમ સૌને મનગમતી છે. તેમ છતાં ઘણાં લોકો એવા જોવા મળે છે કે આવી સરસ મોસમના સૌંદર્યનો આનંદ મેળવવાની બદલીમાં નિરાશ થઈને ગમગીન વદને ફર્યા કરે છે. તેઓને મન કોઈપણ બદલાતી મોસમનો કોઈ જ ફરક નથી પડતો. કેમકે સર્જનહારે આપેલી સૌંદર્યની ભેટથી તેઓ જીવનનો આનંદથી માણી શકતા નથી.

પોતાના **નાના અમથા જીવનની ગાગરમાં અમર્યાદ અપેક્ષાઓનો મહાસાગર તારવાની મૂર્ખતા કરી રહ્યા છે.** તેમની અપેક્ષાઓ પૂરી થતી નથી. તેથી મનને શાંતી નથી. અને બીજી તરફ શાંતિની શોધમાં નીકળી પડે છે. આમ માણસ પોતે જ પોતાના જીવનમાં સમસ્યા ઉભી કરે છે અને તેનો ઉકેલ મંદિરમાં જઈને ભગવાન પાસેથી માંગે છે. પરંતુ પોતે પુરુષાર્થ દ્વારા, પોતાના વિચારો દ્વારા પોતાની વર્તમાન જીવનશૈલી બદલવા તૈયાર નથી તો ભગવાન શું કરે ?

જન્મ લેતાંની સાથે જ માણસ અગણિત સંબંધો અને ઘટનાઓથી બંધાઈ જાય છે. **માનવજીવન મળ્યાં પછી ને સમજણ આવ્યા પછી જીવનને કેળવવું પડે છે.** તેનું ઘડતર કરવું પડે છે. એમાં નકારાત્મક ભૂમિકા કામ નથી આવતી `**Positive Thinking**' અનિવાર્ય છે. આમ જોવા જઈએ તો **જીવન શબ્દના ત્રણ અક્ષરોમાં જ જીવનનું રહસ્ય સમાયેલું છે.** તેના ત્રણ તબક્કા છે. જેમાં અભિગમ બદલવાની જરૂર તો પડે જ છે.

જી=જીવવું, વ=વધવું, ન=નમવું.

જન્મથી મૃત્યુ સુધીની આપણી યાત્રાનું જો મૂલ્ય જ ના સમજીએ તો આના કરતાં મોટી દુઃખદ ઘટના કઈ હોઈ શકે ? દરેક માણસ પાસે પાયાનો પ્રશ્ન એ છે કે જીવન કઈ રીતે જીવવું ? **જીવન એક કમાલ લાગે છે કે એક ધમાલ લાગે છે ?** અસંતોષની આગમાં જીવતા માણસો ભૂતકાળના થાકથી કે ભવિષ્યની ચિંતાના ભારથી પોતાના માથા પર ચિંતા ને જવાબદારીઓના પોટલાનો ભાર ઉંચકીને રહેતો હોવાથી તેને પોતાના જીવનનો અભિગમ ક્યારે, કયા સંજોગોમાં, કેવી રીતે બદલવો જોઈએ તે સમજણ નથી આવતી. જીવનમાં જે સમયે દુઃખ કે સુખ આવે, ગમો કે અણગમો લાગે, પરિસ્થિતિ સારી હોય કે ખરાબ. તેને હસતા ચહેરે, સ્વસ્થતાપૂર્વક સ્વીકારી લેવી જોઈએ. જીવનની સફરમાં આવતી અનેક મુશ્કેલીઓનો સામનો કરવાની હિંમત અને ધીરજ કેળવવી પડે છે.

**આલ્બર્ટ સ્વાઈટ્ઝર કહે છે કે; 'મશીન સાથેના ૨૪ કલાકના સહવાસે માણસ મશીન જેવો બની ગયો છે. તે કામમાં સફળ, પણ લાગણીમાં નિષ્ફળ.'** પરંતુ જે માણસોની પાસે ઊંચા વિચારોનો આંતરિક વૈભવ છે તેવા માણસો સમય અને સંજોગો સાથે સમાધાન કરીને જીવનનો અભિગમ બદલી નાંખી સફળતાને વરે છે. પણ એક કહેવત છે કે **જન્મોજન્મની આદત છોડવી મુશ્કેલ હોય છે. પરંતુ એ છોડીએ નહિં તો મુક્તિ પણ મળતી નથી.** એક ઐતિહાસિક સત્ય ઘટના જાણવા મળી છે.

ફ્રાન્સમાં ક્રાન્તિ થઈ ત્યારે સ્વતંત્રતાની એક ઉન્માદી લહેર આખા દેશમાં ફરી વળી. ક્રાંતિકારીઓએ દેશનો જે સૌથી મોટો બેસ્તિલેનો કિલ્લો હતો. તે તોડી નાંખ્યો અને તેમાં જે જન્મટીપની સજા ભોગવી રહેલા કેદીઓ હતા એને મુક્ત કર્યા. આ કેદીઓમાં તો કેટલાંક એવા હતા જે ૫૦ વર્ષથી જેલમાં બંધ હતા. અને તેમની સાથે એક કેદી તો છેલ્લાં ૭૦ વર્ષથી જેલવાસ ભોગવતો હતો.

આ તમામ કેદીઓને જન્મટીપ હોવાથી પૂરેપૂરી બંધ હોય અને છેલ્લે મૃત્યુ પછી જ હાથ-પગ કાપીને કાઢવી પડે એવી બેડીઓથી જકડી રાખવામાં આવ્યા હતા. જેના કારણે તેમના શરીર આ બેડીઓથી ટેવાઈ ગયા હતા. ક્રાંતિકારીઓને એમ લાગ્યું કે અમે બહુ જ ઉત્તમ કામ કર્યું છે કેદીઓને હવે મુક્ત થયાનો આનંદ થશે ને બહારની દુનિયા જોવા મળશે. પણ બન્યું એનાથી વિપરીત. કેટલાંક કેદીઓએ સ્વતંત્ર થવાનો ઈન્કાર કર્યો અને કહ્યું કે; અમે અહીં બરાબર છીએ. બહાર જઈને હવે અમે શું કરીએ ? અમને અમારા પરિવાર વિશેની કોઈ જાણ નથી. બહાર જઈને ક્યાં રહીએ ? શું ખાઈએ ? શું કામધંધો કરીએ ? વિ. વિ.

વર્ષોની આ જીવનશૈલી પછી સમાજમાં જઈને ગોઠવાઈએ પણ કઈ રીતે ? ક્રાન્તિકારીઓએ તેમને હૂંફ આપી ને લાગણીથી, પ્રેમથી સમજાવ્યા. કહ્યું કે; કેદીનું તે કોઈ જીવન છે ? આ રીતે બેડીઓ પહેરીને બંધનમાં રહેવું એ માનવજાતનું અપમાન છે. સ્વતંત્રતા એ તમારો જન્મસિદ્ધ અધિકાર છે અને હવે તો આપણું જ શાસન છે. આપણે સૌ સ્વાધીન છીએ. એટલે બહાર જઈને સ્વતંત્રતાનો શ્વાસ લો. આમ સમજાવવા છતાં કેદીઓએ નકારાત્મક પ્રતિભાવ આપતા ક્રાન્તિકારીઓએ આક્રમક બનીને તેમની બેડીઓ તોડીને કિલ્લાની બહાર ધકેલી દીધા. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે રાત્રે એમાંથી અડધા કેદીઓ પાછા જેલમાં આવીને સૂઈ ગયા. બેડીઓ તૂટી જવાથી હાથપગ હળવા બની ગયા હતા. વજન સાથે જીવવાના ટેવના કારણે એમને ઊંઘ આવતી નહોતી. બહારનો પ્રકાશ તેમને ગમ્યો નહીં. આમ વર્ષો જૂની પડી ગયેલી આદતો એજ તેમની જીવનશૈલી બની ગયેલી. આવી મનુષ્યજાત માટે શું કહેવું ?

**જીવનના નિર્ણયો લેનાર છે મન.** આમ મનની માન્યતા બદલાઈ જાય તો જીવનનો અભિગમ બદલાતા વાર ન લાગે. **બહાર નીકળવાનું દરેક દ્વાર બીજી કોઈક જગ્યાનું પ્રવેશદ્વાર હોય છે. વિદ્યાર્થીને પહેલાં પાઠ** શીખવવામાં આવે છે અને પછી પરીક્ષા લેવાય છે. **જીવનમાં પહેલાં પરીક્ષા લેવાય છે અને એમાંથી આપણને પાઠ શીખવા મળે છે.**

*Every Sunset gives us one day less to live,*
*But every Sunrise gives us one day more to hope,*
*So get up and hope for the Best.*
*The Day is yours.*

☐ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
☐ **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાળા)
**માનદમંત્રીઓ, સંપાદક સમિતિ**

## A BLIND BOY

A blind boy sat on the steps of a building with a hat by his feet. He held up a sign which said: `I am blind, please help.' There were only a few coins in the hat.

A man was walking by... He took a few coins from his pocket and dropped them into the hat. He then took the sign. turned it around, and wrote some words. He put the sign back so that everyone who walked by would see the new words.

Soon the hat began to fill up...A lot more people were giving money to the blind boy. That afternoon the man who had changed the sign came to see how things were. The boy recognized his footsteps and asked, `Were you the one who changed my sign this morning? What did you write?

The man said, `I only wrote the truth. I said what you said but in different way. `What he had written was: `Today is a beautiful day and I cannot see it.'

Do you think the first sign and the second sign were saying the same thing?

Of course both signs told people the boy was blind. But the first sign simply said the boy was blind. The second sign told people they were so lucky that they were not blind.

Should we be surprised that the second sign was much more effective?

**Moral : Be thankful for what you have. Be creative. Be innovative. Think differently and positively.**

**The most beautiful thing is to see a person smilling, And even more beautiful is, knowing that you are the reason behind it...Just do it.**

## સથવારો–છેલ્લે તો આપણે બે જ હોઈશું

ઍરેંજ મેરેજ થયા હોય અને પાછળની ઉંમરમાં લવ મેરેજ જેવી મજા માણવી એ એક અનેરો લહાવો, આનંદ છે. પતિ-પત્નીનાં લગ્ન થયા પછી કુટુંબમાં વધારો થાય. પુત્ર-પુત્રીનો જન્મ અને જેમ જેમ વર્ષોના વાણાં વીતતા જાય, પુત્રને વધુ અભ્યાસ માટે પરદેશ મોકલીએ અને પુત્રીને ઉંમર થતા સાસરે વળાવીએ. પુત્ર પરણી અલગ થાય ત્યારે માતા-પિતા અધિરા થાય અને ત્યાર પછીની જીંદગીની લવ-સ્ટોરી શરૂ થાય અને ત્યારે એમ લાગે છેલ્લે તો આપણે બે જ હોઈશું. ત્યારે કવિ અજ્ઞાતે લખેલ કાવ્ય યાદ આવી જાય.

(૧) ભલે ઝઘડીએ, ક્રોધ કરીએ, એકબીજા પર તૂટી પડીએ, એકબીજા પર દાદાગીરી કરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

(૨) જે કહેવું હોય એ કહી લે, જે કરવું હોય એ કરી લે. એકબીજાના ચોકઠાને ચશ્મા શોધવા છેલ્લે....હોઈશું.

(૩) હું રીસાઈશ તો તું મનાવજે, તું રીસાઈશ તો હું મનાવીશ. એકબીજાને લાડ લડાવવા, છેલ્લે...હોઈશું.

(૪) આંખો જ્યારે ઝાંખી થશે, યાદશક્તિ પણ પાંખી થશે, ત્યારે એક બીજામાં શોધવા છેલ્લે...હોઈશું.

(૫) ઘુંટણ જ્યારે દુ:ખશે કેડ પણ વળવાનું મુકશે, ત્યારે એકબીજાના પગના નખ કાપવા છેલ્લે...હોઈશું.

(૬) મારા રીપોર્ટ તદ્દન નોરમલ છે, આઈ એમ ઑલ રાઈટ. એમ કહી એકબીજાને છેતરવા છેલ્લે...હોઈશું.

(૭) સાથ જ્યારે છૂટી જશે, વીદાયની ઘડી આવી જશે, ત્યારે એકબીજાને માફ કરવા છેલ્લે તો આપણે બે જ હોઈશું.

☐ સંકલન : **પરેશ અમૃતલાલ શાહ**

### સંસ્થા સમાચાર : સૌરભ લેડીઝ કલબનો ‘વાસ્તુશાસ્ત્ર’ વિષય પર એક પ્રોગ્રામ

**સૌરભ લેડીઝ કલબ**નો એક પ્રોગ્રામ તા. ૧૦ ડિસેમ્બરના રોજ ગાંધી ચોક ખાતે **‘વાસ્તુ શાસ્ત્ર’** વિષય આધારિત યોજવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૨ ને આવકારતાં અને સૌ. લે. કલબના ૩૧ વર્ષ પૂરાં થતાં ૩૨મા વર્ષના પ્રવેશ નિમિત્તે તેની ઉજવણી કરવા માટે તા. ૧૭ જાન્યુ. ૨૦૧૨ના રોજ પ્રમુખ **શ્રીમતી વસુબેન શાહ**ના બંગલામાં ‘નીરવ’-જુહુ ૯ મા રોડ ખાતે, લીમકા બુક રેકોર્ડસ, ગીનીઝ બુક રેકોર્ડઝમાં પોતાનું નામ પ્રસિદ્ધ કરનાર **શ્રીમતી રમાબેન શાહે (કેસરવાળા)** જેઓ આંખે પાટા બાંધીને ગણપતીની મૂર્તિઓ બનાવે છે તેઓનો અદ્‌ભુત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સંગીતના તાલ સાથે ખૂબ જ સરસ મૂર્તિઓ બનાવી હતી. ડીનર સાથેના આ પ્રોગ્રામમાં બહેનોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. નવા મેમ્બરો આવકાર્ય છે.


### સમ્રાટ સંપ્રતિ કલ્ચરલ ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન

C/o. Moon Group, Cama Building, Dalal Street, Fort, Mumbai-400 001.
Tel. : 91 22 2265 3390 Fax : +91 22 2265 1369. Cell : +93 93232 37023 email : cjshah@moonindia.com

### હાર્દિક નિમંત્રણ

આદરણીય ધર્માનુરાગીયો, ભાઈઓ તથા બહેનો,

ભારતવર્ષના સમર્થ સમ્રાટ, દેશ-વિદેશમાં ભવ્ય વિજયો મેળવી જૈન સંસ્કૃતિનો અપ્રતિમ પ્રચાર કરનાર, સવા લાખ જિનમંદિરોનું નિર્માણ અને સવા કરોડ જિનમૂર્તિઓ ભરાવનાર સમ્રાટ સંપ્રતિ વિશે, વિશિષ્ટ, ધાર્મિક અને ઐતિહાસિક પ્રસંગ

પ્રમુખ : **શ્રેષ્ઠિવર્ય શ્રી શ્રેણિકભાઈ કસ્તૂરભાઈ શેઠ**
દીપ–પ્રાગટ્ય : **જૈનરત્ન શ્રી સી. જે. શાહ**
મુખ્ય વક્તા : **પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**
મુખ્ય મહેમાન : દાનવીર **શ્રી દીપચંદભાઈ ગારડી**
અતિથિ વિશેષ : **શ્રી પ્રતાપ ભોગીલાલ, ડૉ. રશ્મી ગારડી**
પ્રાસંગિક વક્તવ્ય : **ડૉ. ધનવંત શાહ, ડૉ. કલાબહેન શાહ**

**તારીખ : શુક્રવાર ૩ ફેબ્રુઆરી, સાંજે ૬-૦૦ વાગે ● સ્થળ : ભારતીય વિદ્યા ભવન, ચોપાટી**

આ પ્રસંગે સમ્રાટ સંપ્રતિ વિશે ડૉ. કલાબહેન શાહ રચિત ગ્રંથનું વિમોચન. રાજસ્થાનમાં કુંભલગઢમાં મહારાજા સંપ્રતિએ બંધાવેલાં જિનમંદિરોની વિડિયો દર્શાવવામાં આવશે. આપને પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**આયોજકો : સી. જે. શાહ, ડૉ. કુમારપાળ દેસાઈ, વી. પી. શાહ, ડૉ. ડી. ટી. શાહ, જવાહરભાઈ મોતીચંદ બેરીસ્ટર વિપીનભાઈ શાહ, આશિષભાઈ શાહ, ડૉ. કલાબેન શાહ**

નિરાશાથી બચવા આપની બેઠક ૬.૧૫ સુધી મેળવી લેવા નમ્ર વિનંતી. ● બેઠક : આરક્ષિત (રીઝર્વર્ડ) બેઠક છોડી, ‘વહેલા તે પહેલા’ના ધોરણે.

ADVT

## શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત નવિનીકરણ પામેલ ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન

શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત નવિનીકરણ પામેલ ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન પાટણ ખાતે મંગળવાર તા. ૨૭-૧૨-૨૦૧૧ના રોજ ચતુર્વિધ સંઘની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં સમારંભના પ્રમુખ **શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ**, અતિથી વિશેષ **શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ તથા મેનેજિંગ ટ્રસ્ટી શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ**, દાતા પરિવારના **શ્રી પ્રદીપભાઈ રમણલાલ શાહ** (કુંભારિયા પાડો) તથા **શ્રી રવીભાઈ સેવંતીલાલ શાહ** (ચીતારાની ખડકી), **શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ (શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલયના ટ્રસ્ટી)**, **શ્રી પ્રફુલભાઈ અમૃતલાલ શાહ, શ્રી વિરેન્દ્રભાઈ બી. નગરશેઠ** તેમજ ટ્રસ્ટીઓ તથા મુંબઈથી પધારેલા મહેમાનો અને સ્થાનિક હોદ્દેદારો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. ત્યારબાદ **પ. પૂ. સા. શ્રી ધન્યયશાશ્રીજી મ. સા.** તથા **પ. પૂ. સા. શ્રી હેમયશાશ્રીજી મ.સા.** દ્વારા માંગલિક તથા મંગલ આશિષ આપવામાં આવેલ.

આ અવસરે સમારંભ પ્રમુખ, અતિથી વિશેષ, દાતા પરિવાર, આર્કિટેક્ટ તથા કોન્ટ્રેક્ટરનું **શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મણીયાર, શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ, શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ** વગેરે હોદ્દેદારોના વરદ્ હસ્તે શાલ, શ્રીફળ, માળા અર્પણ કરી અભિવાદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ **શ્રી વિરેન્દ્રભાઈ, શ્રી દિનેશભાઈ, શ્રી ચંદ્રકાંતભાઈ પંડિત, શ્રી કમલેશભાઈ ચોટા** દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ઉપાશ્રયના નૂતનીકરણને બિરદાવી દાતા પરિવારની ભાવનાને બિરદાવવામાં આવી હતી.

દાતા પરિવાર તરફથી શ્રી **શરદભાઈ સેવંતીલાલ શાહ** તથા શ્રી **દિનેશભાઈ રમણલાલ શાહે** ઉપાશ્રય નૂતનીકરણની સંમતિ આપનાર પંચાયત ફંડના સર્વે ટ્રસ્ટીઓ તથા હોદ્દેદારો પ્રત્યે આભાર વ્યક્ત કરી પ્રાપ્ત થયેલ સહકાર બદલ ઋણ સ્વીકાર કરવામાં આવ્યો હતો.

અંતમાં **શ્રી નરેશભાઈ નેમચંદ શાહે** આભારવિધિ કરી હતી અને અત્રે પધારેલ સર્વે શ્રાવક-શ્રાવિકાઓ સાધર્મિક ભક્તિનો લાભ લીધો હતો.

## દસ્તક

*આ જિંદગી નથી મારી કે તારી,*<br>
*ભલે રહી આપણી મઝીયારી;*<br>
*આ ચમકદમક ખોટી ભારી,*<br>
*ભીતરની ક્ષણો બધી અંધારી!*

*પંખી અકળાયું, હવા બેધારી,*<br>
*ખબર નથી ક્યારે કોણી વારી;*<br>
*પ્રત્યેક ક્ષણ અહીંની ન્યારી,*<br>
*અજાણ્યા દસ્તકે મન વિહારી!*

*પ્રેમ જેવી નથી કોઈ સવારી,*<br>
*ડૂબકી હવે ના મારે મારવી;*<br>
*આશા બેજાન અને છે બીચારી,*<br>
*ક્યારે મળશો મનમીત! હારી!*

**☐ મ. ને.**

## તપ ધર્મનો જય જયકાર-ત્યાગ ધર્મનો જય જયકાર

પાટણ-ખડા ખોટડીના પાડાના હાલ ભાયંદરમાં **સ્વ. હર્ષદાબેન કિરીટકુમાર ચોકસી પરિવારની સુપૌત્રી બાળતપસ્વી સોમ્યા અભયકુમાર ચોકસી** સિદ્ધગિરીરાજ-પાલીતાણાની છત્રછાયામાં પ. પૂ. આચાર્ય ભગવંત **શ્રી કિર્તીયશસૂરીશ્વરજી મહારાજા** તથા **કુલદિપીકા સા. શ્રી વિનીતધર્માશ્રીજી મ.સા.** (ફઈ મ.સા.)ની નિશ્રામાં માત્ર ૭ વર્ષની ઉંમરમાં ચાતુર્માસ પૂર્ણ કર્યું. પર્યુષણ પર્વમાં વર્ધમાન તપ ઓળીના પાયાની તપસ્યા કરી. સાથે જ જ્યાંસુધી ૧૦૦ ઓળી પૂર્ણ ન થાય ત્યાં સુધી સુખડીનો ત્યાગ સ્વીકાર્યો. દશેરાના શુભ મુહૂર્તે ઉપધાન તપની આરાધનામાં પ્રવેશ કરી, ઉછળતા ભાવે તપ-ત્યાગ-ક્રિયા કરી ઉપધાન તપની મોક્ષમાળા પરિધાન કરી. આમ આ નાની દીકરીએ પરિવારનું નામ રોશન કર્યું છે. તેની અનુમોદનાર્થે **કિરીટકુમાર બાબુલાલ ચોકસી પરિવાર** તરફથી બાવન જીનાલય-ભાયંદર મધ્યે તા. ૪-૧૨-૧૧, રવિવારના વિશિષ્ટ પ્રકારે નવપદજીની મહાપૂજા, રાત્રી ભાવના સાથે બપોરના સાધર્મિક ભક્તિના કાર્યક્રમનો લાભ લઈને પરિવારમાં આનંદની ઉજવણી કરવામાં આવી હતી.


**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ● (જા૪ખ)

# આગળ વધો, લક્ષ્ય તમારી સામે છે

અમે શું કરીએ ?

સામાન્યપણે લોકો આવો સવાલ પૂછતા હોય છે. મને આ સવાલ શા માટે પૂછો છો ? પોતાની જાતને આ પૂછો. હું તો એટલું જ કહીશ કે તમે હજી કર્યું જ શું છે ? કાંઈ નહીં. અપાર ધન ભેગું કરવું કે પછી રાત-દિવસ પોતાના સુખ-ઐશ્વર્ય માટે સાધનો ભેગાં કરવાં અને તેનો ભોગોપભોગ કરવો, એ કાંઈ તમારા કર્મોનો અંત નથી.

તમે કદાચ પોતાની નજરે અથાહ (અપાર) ધર્મ કમાયા હશો અને હવે તમે સુખ અને સંતોષ અનુભવી રહ્યા હશો, પોતાની જીત પર. પરંતુ તમારા આત્માને પૂછી જુઓ, આ બધું મળ્યા પછી પણ તમોને આત્મસુખ મળે છે કે નહિ ?

શું તમારા આત્માને શાન્તિ છે ? નથી ?

તો પછી તમે મેળવ્યું શું ?

ઉલટાનું સંસારમાં બધું મેળવીને પણ લક્ષ્યપ્રાપ્તિ નથી કરી.

આપ પરાજિત છો-કારણ કે આત્મશાન્તિ નથી પામી શક્યા તો શું મેળવ્યું ?

હું કહું છું, આગળ વધો.

જ્ઞાની એજ છે જે પોતાને ઓળખીને પોતાના સ્વરૂપમાં રહેવાનો પ્રયત્ન કરે, જ્યારે હજી પ્રયત્ન બાકી છે ત્યારે હજી લક્ષ્યપ્રાપ્તિ બાકી છે. જો માની લેવાય કે આપે લક્ષ્ય પ્રાપ્તિ કરી લીધી છે, તો તમારી આસપાસ હજી કેટલાય છે, જેમને સન્માર્ગનું દર્શન કરાવવાની ફરજ તમારી છે.

પરોપકાર જ સંતોનું સાચું આભૂષણ છે.

શી ખબર, કેટલાય અસંખ્ય જીવો સંસારમાં હજીયે ભટકી રહ્યા છે. એમને પણ સાચા રસ્તાનો બોધ કરાવવાનો છે અને પછી આજ તો-

પરમાત્મા સુખનો માર્ગ છે. આગળ વધો...

જુઓ, દિવ્યાનંદ પ્રાપ્ત થશે આ જીવનનું ધ્યેય નથી,

પહોંચવું છે એના સુધી મારા મન-જેની આગળ રસ્તો નથી.

અરિહંતોની કૃપાદૃષ્ટિ છે- લક્ષ્ય એક છે...ચાહ એજ છે.

**☐આચાર્ય વિજયવલ્લભ સૂરિશ્વરજી મ.સા.**

# 'મા'

પૃથ્વી પર જેના વાત્સલ્યનો ભંડાર કદી ખૂટતો નથી તેને આપણે 'મા' કહીએ છે. દરેક પત્રિકામાં આજ કાલ દીકારને મા-બાપની સેવા કરવાનું કહેવામાં આવે છે. એને માતૃદેવો ભવઃની સમજ આપવામાં આવે છે. એને સમજાવવામાં આવે છે કે માતા-પિતાએ તને જન્મ આપ્યો છે તો તું એનો અહેસાસ ભૂલતો નહીં. પત્નીની વાતો સાંભળી 'મા' થી અલગ થતો નહીં. આ બધું સમજાવવાનું કારણ ફક્ત એક જ કે સમાજમાં દીકરાઓ લગ્ન પછી મા-બાપને છોડીને અલગ રહેવા માંડે છે.

પણ સમાજમાં એવા ઘણાં ઘર છે, જ્યાં મા-બાપની વાતો સાંભળીને ઘણાં દીકરાઓ પોતાની પત્નીને માનસિક અને શારિરીક ત્રાસ આપે છે જે પત્ની એના બાળકોની 'મા' બની જાય પછી પણ ચાલુ રહે છે.

જે રીતે સિક્કાને બે બાજુ હોય છે એ જ પ્રમાણે સંસારમાં 'મા' પણ બે પ્રકારની હોય છે. એક જેણે દીકરાને જન્મ આપ્યો અને પરણાવ્યો અને બીજી 'મા' જેણે એ દીકરાની જોડે લગ્ન કરી એના સંતાનોને જન્મ આપ્યો. જે રીતે સિક્કાની બન્ને બાજુનું મુલ્ય અને મહત્ત્વ હોય છે તેમ સંસારમાં પુરુષે બન્ને 'મા'નું સરખું મહત્ત્વ અને સન્માન આપવું જોઈએ.

તેથી જ આજે સમાજે એક દીકરાને એ પણ સમજ આપવાની જરૂરત છે કે જે પત્નીએ તારા બાળકોને જન્મ આપ્યો છે એને તારા બાળકોની 'મા' સમજીને સન્માન ન આપે તો કાંઈ નહીં પણ અપમાન નહીં કરતો.

**☐ શ્રીમતી કલ્પનાબેન વિનોદચંદ્ર શાહ**


**BECAME A SOLICITOR**

**Ms. Dhruti Mayur Kapadia** Age : 25 Yrs.Koka No Pado
Add : 1001, Mehta Court, Opposite Navjivan Society,
13, Gilder Lane, Lamington Rd. No. 8, Passed 7 People out of 238 Candidates. Tele : 23011520 / Cell No. : 97570 95290
Degrees : BLS / LLB. Diploma in Cyber Law Advocate & Solicitor
Grand Mother : Smt. Vimlaben Kanchanlal Kapadia
Mother : Smt. Heena Mayur Kapadia
Father : Shri Mayur Kanchanlal Kapadia Advt


# ચેતના યુથ ગ્રુપ

૧૪, તવાલેન, પાયધુની, મુંબઈ–૪૦૦ ૦૦૩. ફોન : ૨૩૪૪ ૨૩૫૬, ૨૩૪૭૯૬૮૪ મો. :૯૩૨૩૪૪૨૩૫૬

## મેરેજ ફેસ્ટીવલ – ભવ્યા અને બિરેન

અમારી દીકરી છે લાખોમાં એક એને વર મળેલ છે કરોડોમાં એક

અમારી દીકરી ભવ્યાના શુભલગ્ન નિમિત્તે એક અણોલ કાર્યક્રમ રાખેલ છે.

તા. ૪-૨-૨૦૧૨ - અંધજનોને અનાજ વિતરણ

તા. ૫-૨-૨૦૧૨ - જે.જે. હૉસ્પિટલમાં ફળ આપવા દર્દીઓને ફળાહાર

તા. ૬-૨-૨૦૧૨ - પાંજરાપોળ (ગાયને ઘાસ ચારો)

તા. ૭-૨-૨૦૧૨ - જલારામ મંદિરમાં ભોજન (ગરીબોને ભોજન)

તા. ૮-૨-૨૦૧૨ - ચીલ્ડ્રન્સ હૉમ (ડુંગરી જેલમાં બાળકોને નાસ્તો)

તા. ૯-૨-૨૦૧૨ - લેપ્રેસી હૉમ (વડાલા કુષ્ટરોગીને મદદ)

**તા. હવે પછી નક્કી થશે : દાંત ચિકિત્સાનો કેમ્પ ● ચશ્માનો કેમ્પ**

તેમજ વિરારમાં વૃદ્ધાશ્રમમાં જરૂરતોને મદદ આ ૮ દિવસનો ભરચક કાર્યક્રમ રાખવામાં આવશે. આપ સર્વેને જોવા આવવા અમારું હાર્દિક આમંત્રણ છે. અનુમોદન લેવા લાયક છે. આપ સર્વે દિલથી અમારા દીકરી જમાઈને આશીર્વાદ આપો તેવી આશા છે.

(જાxખ)

**☐ શ્રી દિનેશભાઈ પી. શાહ**

# ||શ્રી પંચાસરા પાર્શ્વનાથાય નમઃ||

**પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા<br>ભવ ભવના પાતિક ખોવા !**

ત્રિભુવનના માલિક દેવાધિદેવ **શ્રી પંચાસરા પાર્શ્વનાથ દાદા**ની ભવ્યાતિભવ્ય, અદ્‌ભુત અને અનન્ય આંગી પાટણ મધ્યે સોમવાર તા. ૨૬-૧૨-૨૦૧૧ના રોજ મંગળ પ્રભાતે ૧૦-૦૦ કલાકે બેંડની સૂરાવલી, **જૈનમ્ જયતિ શાસનમ્** તથા **નમો જિણાનમ્ જિય અભયાણમ્**ના ગગન ભેદી નાદ સાથે પ્રભુજીને ચઢાવવામાં આવી હતી.

અદ્‌ભુત નવલખી આંગી ચઢાવવાનો આ એક અણમોલ અવસર હતો. સુંદર સન્મોહિત સુરમ્ય સજાવટ સાથેની આ આંગી ચિત્તઆકર્ષક અને કલાના કામણ પાથરી રહી હતી. પ્રભુ દર્શનથી તૃષાતુર નયનો અને હૈયા આનંદવિભોર બની ગદ્‌ગદીત થયા હતા. અનેક સાધુ ભગવંતો, સાધ્વીજી મ.સા.ની વિશેષ હાજરી ધ્યાન આકર્ષક હતી. પંચાસરા પાર્શ્વનાથ દાદાની સુવર્ણ જયંતીના મહોત્સવની યાદ અપાવતો મહાપૂજા જેવો મંગલ માહોલ સર્જાયો હતો. ગુરુવર્ય **શ્રી ચંદ્રકાંતભાઈ પંડિતે** વિધિવિધાન સુંદર રીતે પાર પાડ્યા હતા.

કલાના અદભુત નમૂનારૂપ ૬૧,૦૦૦ સીગ્નિટિ ડાયમંડ તથા અલભ્ય એવા રંગબેરંગી ખંભાતી નંગોની બનેલ આ અજોડ અને બેજોડ આંગીને ઉપસ્થિત મહાનુભાવોએ હૈયે વસાવી હતી. આ નયનરમ્ય આંગી પ્રથમ વખત પ્રભુજીને ચઢાવવાનો લાભ **શ્રીમતી સ્નેહલતાબેન મૂળચંદભાઈ રમણલાલ શાહે** (કુંભારીયા પાડો) લીધેલ હતો. તેમના **સુપુત્રો ચિ. મિનેષભાઈ** તથા **ચિ. આશિતભાઈ**એ તન, મન તથા ધનથી અદકેરો લાભ લઈ પૂણ્યાનુબંધી પૂણ્યનું ઉપાર્જન કર્યું હતું.

**સર્વશ્રી મિનેશભાઈ મૂળચંદભાઈ શાહ** (કુંભારીયા પાડો) તથા **શ્રી રમેશભાઈ છબીલદાસ શાહે** (શ્રી મનમોહનજીની શેરી) તેમની સુઝબુઝ સાથે આ અણમોલ આંગી બનાવડાવવામાં સખત જહેમત ઊઠાવી હતી. આંખમાં છલકતા વિસ્મય સાથે હૈયાના પટારામાં સંઘરેલી સંવેદના સૌના હૈયે સળવળી રહી હતી. **શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલયના ટ્રસ્ટીઓ**માં સાતત્યપૂર્ણ આસ્થાની અવસ્થા ઊભરી રહી હતી અને હૈયાના દરવાજે શ્રદ્ધાના દસ્તકથી સમગ્ર **શ્રીસંઘ** ભાવવિભોર થઈ મહોરી અને મહેકી રહ્યો હતો. આ આંગી એક અનેરા અવસરનું અદકેરૂં આકર્ષક આભૂષણ પુરવાર થઈ રહ્યું હતું. પ્રભુજીની આભા તથા પ્રતિભા સાથે ઐશ્વર્ય છલકી રહ્યું હતું. ભાવુકોના નિજાનંદનો નિખાર નયનરમ્ય બન્યો હતો.

**શ્રી પંચાસરા પાર્શ્વનાથ દાદાની આંગીની સોનાના પ્લેટીંગની વાત** નીકળતા **સ્વ. બાબુ ચંદ્રકુમાર દોલતચંદ ઝવેરી**ના **સુપુત્રી શ્રીમતી હસુમતીબેન કુમારભાઈ શાહે** (અમદાવાદ) તેમના હોનહાર પુત્ર **શ્રી માલવભાઈ**ને આજ્ઞા કરી કે 'મારા ગામના **શ્રી પંચાસરા પાર્શ્વનાથ દાદા**ની આંગી છે અને તેને અદભુત બનાવવા જે કાંઈ કરવું પડે કે સાધનો બનાવવા પડે ને કોઈપણ જાતનો ખર્ચ લીધા વગર સમયસર બનાવી આપ.' **શ્રી માલવભાઈએ** માતુશ્રીની આજ્ઞા શિરોમાન્ય કરી અને તેમના સંપૂર્ણ સ્ટાફને કામે લગાડી કોઈપણ જાતના ખર્ચ, લાગત કે નફો લીધા વગર અનન્ય કામ સમયસર કરી આપ્યું. ધન્ય છે રત્નકુક્ષી **માતુશ્રી શ્રીમતી હસમુતીબેન તથા શ્રી માલવભાઈ**ને માતૃભૂમિની ઋણ અદાયગી અને શ્રી પંચાસરા પાર્શ્વનાથ પ્રભુની આંતરમનની ભાવભીની ભક્તિ માટે !

આ ઉત્કૃષ્ટ અને મનમોહક આંગીના દર્શનાર્થે તે દિવસે લગભગ ૫૦૦૦ જૈન, અજૈન ભાવિકો ઉમટ્યા હતા અને ત્યારબાદ ત્રણ દિવસ સુધી રાત્રે ૧૦ વાગ્યા સુધી અંદાજે ૧૫૦૦ ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલયના ટ્રસ્ટીઓએ ઉક્ત આંગી ચઢાવવાનો નકરો રૂા. ૫૬૦૦ નક્કી કર્યા છે. કોઈપણ વ્યક્તિ આ યોજનાનો લાભ પોતાના જન્મ દિવસે કે વડીલોના સ્મરણાર્થે લઈ શકે છે.

કારીગરોની સંકલ્પના અને સંકલને સાતત્યની સ્મૃતિજ્યોત પ્રજ્વલિત રાખી અપૂર્ણ ચિત્ર સંપૂર્ણ કલાકૃતિ બનાવી હતી. આ અનેરો અવસર ઇતિહાસની ક્ષિતિજ પર વિરલ ઘટના તરીકે અંકિત રહેશે.

**સંપર્ક સૂત્ર : શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ–9323104645-23694645**
**શ્રી સુરેશભાઈ અમૃતલાલ પટ્ટણી–9167495668.**


## PATAN CO-OP. BANK LTD.

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in ● Telefax : 22816513

**Financial position as on 31st March 2011 (Rs. In Lacs)**

| | | | |
|---|---|---|---|
| Share Capital | 261.95 | CRAR | 23.42% |
| Reserve Fund | 993.47 | Dividend (proposed) | 12.00% |
| Deposits | 6350.77 | Working capital | 7888.57 |
| Advances | 3170.04 | Net Profit | 74.53 |

**AUDIT CLASS ``A"**

● NO NEW NPA'S SINCE LAST 2 YEARS
● COURTEOUS STAFF AND EFFECTIVE SERVICES

**WE OFFER**

- 1% p.a. over rate of deposit on advances against deposit receipt for borrower OR third party
- Locker facility in both branches ● RTGS/NEFT tie-up Bank of Baroda ● Car loan@11% p.a.
- Housing Loan @ 11% -- upto Rs. 40.00 lacs ● LOAN AGAINST NSC / LIC POLICIES @ 11%
- Line of credit – (Local/ foreign) facility withThe Saraswat Co-operative Bank Ltd.
- Deposit Interest @ 10% p.a. for 1125 days -- senior citizen/single deposit @ 10.25% over Rs 15 lacs
- NO TDS DEDUCTION FROM INTEREST PAID/PAYABLE TO THE MEMBERS.
- Extension counter at Nagdevi and branches at Marine Drive and Goregaon

**AS ALWAYS.......................................WE ARE WITH YOU**

(ADVT)

# રાગની આગ

**રાગની આગ દાવાનળ જેવી છે. 'આગ ઉઠે જ ઘરથકી, તે તો પહેલું ઘર બાળે, જળનો જોગ જો નવિ મળે તો પાસેનું પરજાળે.'** રોગનો ઈલાજ થઈ શકે પણ રાગના રોગીનો ઈલાજ તો દુષ્કર છે. રોગના ભયથી માણસ ખાવાનું છોડી દે પણ ભવ ભ્રમણના ભયથી આવેલા રાગના આવેગને રોકી નથી શકાતો આથી જ પૂ. ગુરુભગવંતો જિનવાણીનું પાન કરાવતા કહે છે તમે **રાગના રોગી ન બનો અને દ્વેષના ભોગી પણ ન બનો.** કલુષિત મનને નિર્મળ બનાવો. દુર્ગતિના ભયથી પાપ કરવાનું છોડો અને દુષ્કર એવા માનવજીવનને આત્મશુદ્ધિના દ્વાર બતાવો. **મનશુદ્ધિ વિના આત્મશુદ્ધિ થતી જ નથી.** માનવભવ કરતા મનના ભાવોને જ સંતપુરુષોએ પ્રધાનતા આપી છે.

આપણા જૈન ધર્મના ઇતિહાસમાં રાગના કારણે અનેકનું પતન થયું તેના દૃષ્ટાંતો મોજૂદ છે. રૂપના કારણે પોતાના સહોદર ભાઈની પત્ની પર રાગ થતા ભાઈનું જ ખૂન કર્યું. રૂપવંતી નટડી દેખી, મોહાંધ થઈ માતપિતાને છોડી નાટકના ખેલો કર્યા. રાજુલને નિર્વસ્ત્ર જોતા કામક્રિડા જાગી રહનેમિ રાગમય બની ગયા. અરે સતી સીતા પતિ સાથે વનવાસ ભોગવતી હતી. પણ રાવણને તે પ્રિય લાગવાથી અપહરણ કરી લંકામાં લઈ જાય છે. આ શું રાગનો આવેશ જ ને! **હજારો રાણી હોવા છતાં રાગની આગ બુઝાતી નથી.** પુત્રીના યૌવનમાં મોહાંધ થઈ પ્રજાપતિ રાજાએ તેની સાથે લગ્ન કર્યા. ચંડપદ્યોતરાજા રૂપવતી દાસીને પોતાની પટરાણી બનાવે છે. દુઃશાસને દ્રૌપદીના વસ્ત્રો ભરસભામાં ખેંચ્યા. આ પણ રાગ-દ્વેષ બે જ કારણ છે. કોશાવેશ્યા સ્થૂલિભદ્ર મુનિને સંયમથી પતીત કરે છે તેનું કારણ પણ રાગ છે. ચંદ્રશેખર રાજાએ પોતાની સગી પરણીત બેન સાથે લગ્ન કર્યા. તો ક્યાં ગયો ભાઈ-બહેનનો સંબંધ. મોહસત્તા જ બધા નાચ નચાવે છે. સત્તાના રાગના કારણે કોણિક પિતાને જેલમાં ધકેલે છે. રૂપવતી સરસ્વતી સાધ્વીજીને જોતા ગર્દભીલ્લ રાજા કામાંધ બની અંતઃપુરમાં લઈ જાય છે. રાગમોહનો અગ્નિ એવો ગમર છે કે સંસારના તમામ સમુદ્રોના જળથી પણ બુઝાવી શકાતો નથી.

પણ આવો જ રાગ, રાગ વિનાના વીતરાગ પર થાય તો બેડો પાર થાય. રાગ અને દ્વેષ બે જોડિયા ભાઈ છે. રાગ થયો એટલે સામેથી દ્વેષ જ થવાનો છે. આથી જ મહાત્માઓ કહે છે હે જીવ! -

**રાગરીષા દોય ખવીસા એ તુમ દુઃખકા દીસા,**
**જબ તુમ ઉન્કુ દૂર કરીસા, તબ તુમ જગ કા ઇસા!**

આથી આપણે બોધપાઠ લેવાનો કે મનને કષાયમુક્ત કરવા વિવેક રૂપી લગામ રાખવી અને મનને રાગાંધ ન બનાવતા, વીતરાગનું શરણું શ્રદ્ધાપૂર્વક સ્વીકારવું અને જિનાજ્ઞા પ્રમાણે જીવન વીતાવી ભવભયથી દૂર થઈ પ્રભુના પંથે પ્રયાણ કરવા તત્પર બનવું એ જ અંતરની અભિલાષા.

**□ શ્રીમતી ઉર્મિલાબેન ધીરેનભાઈ ઝવેરી**

---

# 'શબ્દોનો તેજ-લિસોટો'

સત્ય અને ખુમારી સાથે જીતનો અધિકાર મળે છે, હકીકતને તર્ક સાથે ક્યાં નિસ્બત હોય છે. ખેદિલીથી જીવાય તોય ઘણું છે. મૃત્યુને ક્યાં મનામણાથી જીતાય છે. ધર્મની વ્યાખ્યા કરનારને કર્મની ભૂમિ દેખાતી નથી. આત્માની સુંદરતા જોનાર, ક્યાં કોઈનાં મોહતાજ હોય છે. મનની દીવાલ કુદાવીને આત્માને ઓળખવાનો હોય છે. સંતોષનાં ઓડકારને ક્યાં કોઈની ફિકર હોય છે. દિવસ અને રાતનાં મિલનમાં જીવનની મધુરપને ક્યાં કોઈ અવકાશ હોય છે. અગ્નિ ઓલવાઈ જશે ત્યારે ધુમાડાને ક્યાં રાખની ખબર હોય છે. જીવનનને હિંડોળે ઝૂલનારાઓને અંતનો ક્યાં ખ્યાલ હોય છે. વર્તમાનને ક્યાં ભવિષ્યની ખબર હોય છે. મૃત્યુના સગપણમાં જીવન લલચાઈને અટવાયું છે, આત્માને ક્યાં મનના વિચારોની પડી હોય છે. માનવતાની પરાકાષ્ઠામાં જીવન સુવાસિત હોય છે, ભીતરના વહેણમાં તરતા આવડે તો કિનારા આપોઆપ મળતા હોય છે. શોધ બાકી ન રહે અરમાનોની જીંદગીની તારીખ બદલાતી હોય છે. જીવન સંગ્રામમાં સ્વયં શિસ્ત જરૂરી છે. દરેક વખતે 'મહા-વીર' પોતે જ હોય છે. જીવનની ક્ષણભંગુરતા મિથ્યા થતી નથી. જાગ્યા ત્યારથી જ સવાર થતી હોય છે.

***'કુદરતનાં કરિશ્માને જિંદગીનું નામ મળ્યું છે, જાણે કે સુગંધને મહેફિલ મળી છે,***
***આયખું વીતી ન જાય રઝળપાટમાં મુશ્કિલથી પરોપકારની ઘડી મળી છે.'***

**□ બાબુ પૃથ્વીરાજ એમ. પનાલાલ 'પરિમલ'**




CARAT
JEWELLERY
118, Dharam Palace,
B Wing, 1st Floor,
Hughes Road, Mum-7.
Cont. No.:02223610180/81
Tushar: 09820223110
Rupal: 09969525061
Amar: 09004777012
E-Mail-caratjewellery@gmail.com
By Appointments Only.
Advt

# જીવન સૌરભ આયોજીત શ્રી શાહપુર-શ્રી ધર્મચક્ર યાત્રા પ્રવાસ

*આપને મલકતા રાખવાનો ઈરાદો રહ્યો,*
*મનોરથો આપના પોષવાનો વાયદો રહ્યો;*
*દાતા પરિવારોનો ઉત્કૃષ્ટ સધિયારો રહ્યો,*
*અદ્ભુત આપનો અમને સથવારો રહ્યો.*

તા. ૫ મી જાન્યુઆરીના ઊગમતા પ્રભાતે રવિ-કિરણો અવનીના વક્ષ પર અજવાસ ભરતા વેરાયેલ તિમિરને અલવિદા કરતા દેખાઈ રહ્યા હતા. શ્રી શહાપુર મહાતીર્થે દેવ વિમાન તુલ્ય રંગ મંડપમાં ત્રિભુવનના નાથ આદિશ્વર પ્રભુને ભેટવા વરિષ્ઠ વડીલોના હૈયા થનગની રહ્યા હતા.

શતાબ્દી વર્ષના પ્રારંભે જીવન સૌરભ સમિતિ આયોજિત સૌજન્ય દાતા **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ માટલીવાલા** (કનાસાનો પાડો) તથા **શ્રીમતી વિમળાબેન નવિનચંદ્ર ગભરૂચંદ શાહ** (ઝવેરી વાડો) પ્રેરિત ઉક્ત યાત્રા પ્રવાસમાં ૭૫૦ યાત્રિકો ૧૩ બસો તથા ૨૦ ગાડીઓનો કાફલો મુંબઈ તથા તેના વિવિધ સ્થળોએથી નીકળી શિયાળાની સવારના ખુશનુમા વાતાવરણમાં જીવન સૌરભના કાર્યકરો સાથે પ્રાતઃકાળે સાત વાગે રવાના થયો. બન્ને પરિવારના સભ્યોએ તન, મન, ધનથી જિંદગીની વિવિધ અવસ્થામાંથી પસાર થયેલ વરિષ્ઠો અને કાર્યકરો વચ્ચે સ્નેહ, સેવા અને સાધનાની સાંકળ સુદૃઢ બનાવી હતી.

અંદાજે સવારે ૯-૦૦ કલાકે સમયસર બધા જ વાહનો શાહપુર મુકામે કાફલો પ્રવેશ્યો. વ્યવહાર કુશળ અને વાત્સલ્યસભર વડીલોની મુખમુદ્રા પર અવર્ણનિય આનંદની અનુભૂતિ પ્રતિબિંબિત થતી હતી. વયસ્ક વડીલોની જરૂરીયાતો અને આવશ્યકતાઓને ધ્યાનમાં રાખી દાતા પરિવારોના **શ્રી દાનેશભાઈ તથા શ્રી મયુરભાઈ**, જીવન સૌરભના કન્વીનર **શ્રી નવીનભાઈ નેમચંદ ગુંદરવાલા**, મંત્રીઓ **શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પનાલાલ શાહ** તથા **શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાલા** તથા જીવન સૌરભ સમિતિના કાર્યકરોએ અદ્ભુત સુવિધાપૂર્વકનું આયોજન કર્યું હતું.

અયોધ્યા નગરી, અરિસાભવન, વિનીતા નગરી તથા પદ્મપ્રજ્ઞા ધર્મશાળા સંકુલોમાં આકાંક્ષા અને અપેક્ષા વચ્ચે પાંગરતી મિત્રતાને મહેકતી કરવા તથા જીવન સૌરભ નામની યથાર્થતા સાર્થક કરવા નાસિકઢોલ તથા શરણાઈના પવિત્ર સૂરો સાથે પુષ્પ પાંદડી તથા ખીલતા ગુલાબ સાથે ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ અનન્ય યાત્રા પ્રવાસની પૂર્વ ભૂમિકા તથા તૈયારીને અંતિમ ઓપ આપવા ઝીણવટપૂર્વકનો અદ્વિતિય બંદોબસ્ત કરવા બે વખત દાતા પરિવારના **શ્રી દાનેશભાઈ તથા શ્રી મયુરભાઈ** તથા જીવન સૌરભના કન્વીનર, મંત્રીઓ તથા કાર્યકરો દ્વારા પૂર્વ મુલાકાત લઈ વિચાર-વિમર્શ કરવામાં આવ્યો હતો.

સ્ત્રી-પુરુષો માટે અલાયદી આવાસ વ્યવસ્થા, જમવાનો વિશાળ શામિયાણો, કૉમ્પ્યુટરાઈઝ્ડ નામોની યાદી, બેનર્સ, મેઘધનુષી કમાનો વિગેરે વિવિધ જગ્યાએ ગોઠવવામાં આવ્યા હતા. સમિતિના સભ્યો અને કાર્યકરોની જહેમત માટે શબ્દો પણ વામણા લાગે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય.

નવકારશી, સેવા અને પૂજા બાદ પૂ.આચાર્ય ભગવંત **શ્રી અભયશેખર સૂરિશ્વરજી મ.સા.**નું વ્યાખ્યાન પણ રાખવામાં આવ્યું હતું. પ. પૂ. આ. ભગવંતે વ્યાખ્યાનમાં જણાવ્યું હતું કે માનવી પોતે જ પોતાના કર્મો થકી મેળવે અને સહન કરે છે. માનવી જ્યારે મૃત્યુ શૈયાએ હોય ત્યારે સઘળું અહીં જ મૂકીને કે આપીને જવું પડે છે સાથે લઈ જવાનો ત્રીજો વિકલ્પ કુદરતે કોઈના માટે છોડ્યો નથી.

બપોરના જમણ બાદ શ્રી ભક્તામર પૂજનમાં પણ દાતા પરિવાર સાથે વડીલોએ લાભ લીધો હતો. **શ્રી મહાવીર શાહ** અને સાથીઓએ સંપૂર્ણ વિધિ વિધાન સાથે પૂજન ભણાવ્યું હતું. મુખ્ય જિનાલયમાં જવા માટે વડીલોને તકલીફ ન પડે તે આશયે બસ અને ગાડીઓની વ્યવસ્થા પણ હતી. મુખ્ય જિનાલયમાં તથા તેના પરિસરમાં મનભાવન ફૂલોનું, કલાત્મક કપડાંનું તથા લાઈટો અને દિવાઓનું અદ્ભુત ડેકોરેશન કરી સ્વપ્નનગરી સમું વાતાવરણ ખડું કરવામાં આવ્યું હતું.

સમી સાંજે ચૌવિહાર બાદ ૭-૦૦ કલાકે બહુમાન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જીવન સૌરભના **મંત્રી શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહે** એમની આગવી છટાથી રંગમંચ સંચાલન કર્યું હતું. સમાજના વડીલોને આવકારતા તેઓએ હર્ષ અને આનંદની લાગણી પ્રદર્શિત કરી અને સૌનું અભિવાદન કર્યું હતું.

ઉક્ત યાત્રા પ્રવાસના આયોજનના મૂળમાં મહત્ત્વનો ભાગ ભજવનાર અને **દાતાશ્રી દાનેશભાઈ તથા શ્રી મયુરભાઈના પરમ મિત્ર શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ**નું ટૂંકી માંદગી બાદ નિધન થયું. યાત્રા પ્રવાસના કન્વીનર શ્રી નવીનભાઈ ગુંદરવાલાએ સ્વ. શ્રી સુધીરભાઈને ભાવવિભોર થઈ આદરાંજલી આપી હતી. તેમના માનમાં સૌ મહાનુભાવોએ બે મિનિટનું મૌન પાળ્યું હતું.

શતાબ્દી વર્ષે પ્રવેશતી આપણી સંસ્થાની અનેકવિધ પ્રવૃત્તિ અને ગતિવિધિનો ઉલ્લેખ કરતાં સંસ્થાના સદાબહાર પ્રમુખ શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે સમાજ દ્વારા હાથ ધરાતી વિવિધ પ્રવૃત્તિઓ અને ફંડો વિશેનો ઊંડણપૂર્વક ખ્યાલ આપ્યો હતો. હાલની કમ્મરતોડ મોંઘવારી અને વર્તમાન સમયમાં લોકોની આર્થિક જરૂરિયાતને પહોંચી વળવા સભ્યોને સહાયની વિનંતી કરી હતી.

યાત્રા પ્રવાસ અંતર્ગત સંકળાયેલ પ્રત્યેક બાબતો અંગે ઝીણવટભરી તકેદારી રાખવા બદલ દાતા પરિવારોનો **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે** આભાર માન્યો હતો. યાત્રા પ્રવાસના કન્વીનર **શ્રી નવીનચંદ્ર નેમચંદ ગુંદરવાલા**એ જીવન સૌરભના મંત્રીઓ **શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પનાલાલ શાહ** તથા **શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાળા**ની આ અનન્ય આયોજન બદલ પીઠ થાબડી હતી. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે યાત્રા પ્રવાસ માટેની કાર્યકરોને તથા સભ્યોને આગવી મહેનત બદલ બિરદાવ્યા હતા.

પ્રવાસના ત્રણ દિવસ પહેલાં શ્રી શાહપુર જવાની વિવિધ તૈયારીઓને અંતિમ ઓપ આપવા સંસ્થાના મંત્રી **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ (ગુંદરવાલા)**, જીવન સૌરભના મંત્રી **શ્રી જયોતિન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાલા, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી નિરવભાઈ પ્રમોદભાઈ શાહ, શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ, શ્રી જયંતીભાઈ દેસાઈ** તથા **શ્રી**

**ધીરજભાઈ** દ્વારા અપાયેલ અનન્ય સેવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

જેમના રોમેરોમમાં પરમાત્માના શાસનની ખુમારી, હર શ્વાસે જૈન શાસનની પ્રભાવના અને હર ધબકારે અર્હમનો જયનાદ હતો, તેવા દાતા પરિવારોને ખોબલે ખોબલે અભિનંદન પાઠવ્યા હતા.

શાહપુર માનસ મંદિરમ્‌ના **મેનેજીંગ ટ્રસ્ટી શ્રી સમીરભાઈ ઝવેરી, શ્રી સુભાષભાઈ, શ્રી મહેન્દ્રભાઈ, શ્રી મીનેશભાઈ મૂળચંદ શાહ** તથા ધર્મચક્રના ટ્રસ્ટી **શ્રી રાજેન્દ્રભાઈ ઝવેરી**નો પણ તેઓએ આભાર માન્યો હતો.

મુંબઈથી અત્રે પધારેલ **પંચાસરા પાર્શ્વનાથ જિનાલયના ટ્રસ્ટી શ્રી ચીનુભાઈ નેમચંદ શાહ** તથા **દાતાશ્રી રાકેશભાઈ કાંતિલાલ શાહ**, લોકોને બોલપેન, મુખવાસ વિગેરે વહેંચીને ખુશ થતાં ચોકલેટ અંકલ **શ્રી દીપકભાઈ પ્રેમચંદ શાહ** તથા **શ્રી શૈલેષભાઈ કેશવલાલ** અને **શ્રી કેશુભાઈ દિલીપભાઈ** પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ત્યારબાદ જીવન સૌરભના મંત્રી **શ્રી જનકભાઈ**એ બહુમાનના કાર્યક્રમની જાહેરાત કરી હતી. **માતુશ્રી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા**નું સન્માન **શ્રીમતી કલ્પનાબેન દીનેશભાઈ શાહે** કર્યું હતું તથા **શ્રી મયુરભાઈ નવીનચંદ્ર ગભરૂચંદ શાહ**નું બહુમાન સંસ્થાના પ્રમુખ **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ**ના વરદ્ હસ્તે મેમેન્ટો, શાલ તથા મોતીની માળા દ્વારા કરવામાં આવ્યું હતું. **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** તથા **શ્રી રાજેન્દ્રભાઈ ગભરૂચંદ**નું બહુમાન **જીવન સૌરભના કન્વીનર શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ**ના હસ્તે કરાયું હતું. **સંસ્થાના ઉપપ્રમુખ શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહે શ્રી તુષારભાઈ નવિનચંદ્ર શાહ**ને સન્માન્યા હતા.

દાતા પરિવારોના **શ્રી ભાગ્યેશભાઈ વિનોદચંદ્ર શાહ, શ્રી અનીશભાઈ નવિનચંદ્ર શાહ, શ્રી સુકેશભાઈ વિનોદચંદ્ર શાહ, શ્રી ધીરેનભાઈ વિનોદચંદ્ર શાહ, શ્રીમતી લીનાબેન નિગ્નેશભાઈ શાહ** તથા **શ્રીમતી નીપાબેન રાજેશભાઈ**નું સન્માન સંસ્થાના મંત્રીઓ તેમજ જીવન સૌરભના મંત્રીએ કર્યું હતું. દાતા પરિવારો તરફથી શ્રી દાનેશભાઈ તથા શ્રી મયુરભાઈએ પ્રમુખશ્રી દિનેશભાઈ તથા રાણપુરના ટ્રસ્ટીઓનું સન્માન કરી આભાર વ્યક્ત કર્યો હતોય

શ્રી શાહપુર માનસ મંદિરમ્‌ના ટ્રસ્ટીઓ સર્વ**શ્રી મીનેશભાઈ મૂળચંદ શાહ, શ્રી સુભાષભાઈ શાહ** તથા **શ્રી મહેન્દ્રભાઈ શાહનું સન્માન જીવન સૌરભના મંત્રી શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ** તથા ધર્મચક્રના ટ્રસ્ટી **શ્રી રાજેન્દ્રભાઈ ઝવેરી**નું સન્માન જીવન સૌરભના મંત્રી **શ્રી અશ્વિનભાઈ પનાલાલ** તથા **જ્યોતિન્દ્રભાઈ દેવડાવાળા**એ કર્યું હતું.

મંત્રીશ્રી જનકભાઈ શાહે જણાવ્યું હતું કે આ સંપૂર્ણ યાત્રા પ્રવાસ દરમ્યાન **શ્રી મિનેશભાઈ મૂળચંદ શાહે** સતત જહેમત ઉઠાવી હતી. માનસ મંદિરમ્‌ના મેનેજિંગ ટ્રસ્ટી **શ્રી સમીરભાઈ ઝવેરી**એ પણ સુંદરતમ સહકાર આપ્યો હતો. શીતળ કેટરર્સના **શ્રી નરેશભાઈ**એ સ્વદેખરેખ હેઠળ યાત્રાળુઓને ઉત્તમોત્તમ વાનગીઓનો રસાસ્વાદ કરાવ્યો હતો. ડેકોરેટર **શ્રી શેટ્ટી સાહેબે** પણ લાઈટ ડેકોરેશન તથા સ્ટેજની સુંદર વ્યવસ્થા કરી હતી.

જીવન સૌરભના માનદ્ મંત્રી **શ્રી અશ્વિનભાઈ પનાલાલે** સૌમ્ય ભાષામાં અત્રે પધારેલ વરિષ્ઠ સભ્યોનો, દાતા પરિવારો, માનસ મંદિરમ્ તથા ધર્મચક્રના ટ્રસ્ટીગણનો આભાર માન્યો હતો.

યાત્રા પ્રવાસની ગતિવિધિની પૂર્વ તૈયારી માટે સંસ્થાના મેનેજર શ્રી જોષીભાઈ, શ્રી જ્ઞાનેશભાઈ, શ્રી બારૈયાભાઈ, શ્રી હેમંતભાઈ, શ્રી યોગેશભાઈ, ધીરજભાઈ તથા શ્રી બાલકૃષ્ણ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. સુંદર બેનર્સ અને કાર્ડના છપાઈ કામ માટે **નેહજ પ્રિન્ટર્સના શ્રી જયેશભાઈ તથા શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ** પ્રત્યે આભારની લાગણી પ્રદર્શિત કરી હતી.

દાતા પરિવારના **શ્રી દાનેશભાઈ માટલીવાળાએ** પ્રમુખ **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ, શ્રી નવિનભાઈ ગુંદરવાલાનું** તથા શાહપુરના ટ્રસ્ટી **શ્રી મિનેશભાઈ મૂળચંદ ઝવેરી**ને સન્માની તેમના વ્યક્તવ્યમાં જણાવ્યું હતું કે સંસ્થાએ વડીલોની સેવાનો જે મોકો અમને આપ્યો છે તે અમે ક્યારેય વીસરીશું નહીં. આ યાત્રા પ્રવાસની પૂર્વ તૈયાર માટે આવેલ જીવન સૌરભ તથા સંસ્થાના કાર્યકરોની સેવાને તેઓએ બિરદાવી હતી. અંદાજે ૭૫૦ વ્યક્તિઓની આવી અદ્‌ભુત વ્યવસ્થા બદલ

## શ્રી પાટણ જૈન મંડળ
## શ્રી શાહપૂર-ધર્મચક્ર યાત્રા પ્રવાસના યશભાગીઓ

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી :શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ**

**ટ્રસ્ટી તથા જીવન સૌરભના કન્વીનર :શ્રી નવીનચંદ્ર નેમચંદ ગુંદરવાલા**

**ઉપપ્રમુખ : શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ**

દાતા પરિવાર :

**શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા, શ્રી મયુરભાઈ નવિનચંદ્ર શાહ**

**જીવન સૌરભના મંત્રીઓ**

શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ

શ્રી અશ્વિનભાઈ પનાલાલ શાહ

શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતીલાલ દેવડાવાળા

| મંત્રીઓ એડમિનિસ્ટ્રેશન | મંત્રીશ્રી ફાઈનાન્સ |
|---|---|
| શ્રી રાજેન્દ્રભાઈ જયંતીલાલ શાહ | શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ શાહ |
| શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ | શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ |
| શ્રી હીતેનભાઈ ચંપકલાલ શાહ | શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ |

**સમિતિ સભ્યો**

| | |
|---|---|
| શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ | શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ |
| શ્રી અમિતભાઈ સેવંતીલાલ શાહ | શ્રી સંજયભાઈ હીરાલાલ શાહ |
| શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ | શ્રી દીપકભાઈ પ્રેમચંદ શાહ |
| શ્રીમતી કલ્પનાબેન દિનેશભાઈ શાહ | શ્રી રાજભાઈ નવીનચંદ્ર શાહ |
| શ્રી નીલેશભાઈ કાંતિલાલ શાહ | શ્રી જનકભાઈ મહાસુખલાલ શાહ |
| શ્રી નીરવભાઈ પ્રમોદભાઈ શાહ | શ્રી ભાવેશભાઈ સુધીરભાઈ શાહ |
| શ્રી અરવિંદભાઈ મંગળદાસ શાહ | શ્રી જયેશભાઈ કુમારપાળભાઈ શાહ |

માનસ મંદીરમ્ તથા ધર્મચક્રના ટ્રસ્ટીગણનો તથા સંસ્થાના હોદ્દેદારો પ્રત્યે તેઓએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. **શ્રી મયુરભાઈ** તો મીતાક્ષરી અને સાલસ સ્વભાવી છે. તેઓએ એક જ શબ્દમાં **શ્રી સમસ્ત સંઘ** અને કાર્યકરોનો આભાર માન્યો હતો. દાતા પરિવારના **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહે** પણ પરિવાર તરફથી અપાયેલ સન્માન પત્રનું વાંચન કર્યું હતું.

ઉક્ત કાર્યક્રમ બાદ ભાવના માટે સૌએ મુખ્ય જિનાલયે દાતા પરિવાર સાથે વાજતે ગાજતે પ્રયાણ કર્યું હતું. ભક્તિની ગંગોત્રીમાં સૌને શ્રવણ સ્નાન કરાવ્યું હતું.

ભક્તિ શક્તિ બને અને શક્તિ ભક્તિ બને તો અદ્વૈતનું અનોખું સર્જન થાય. ભક્ત અને ભગવાનનું અદ્‌ભુત મિલન સર્જાય.

બીજે દિવસે સવારે બહેનોના પ્રભાતિયામાં અંદાજે ૩૦૦ બહેનોએ ભાગ લીધો હતો અને ત્યારબાદ સૌએ બસો દ્વારા ધર્મચક્ર તરફ પ્રયાણ કર્યું હતું. ધર્મચક્ર તીર્થે નૌકારશીની અદ્વિતિય સ્વાદિષ્ટ વાનગીઓથી લોકો રસતરબોળ થયા હતા.

**શ્રી મહાવીરભાઈ શાહ અને તેમના વૃંદે** સંગીતમય સૂરાવલી સાથે સ્નાત્રપૂજા કરાવી હતી. એક વાગે શાહપુર ખાતે બપોરનું ભોજન લઈ ૩-૦૦ વાગ્યાના સુમારે ઋષભની સેવા શી કરું‌ની સરળ અને ધ્યાનાકર્ષક વાણીવર્ષા કરી હતી. સાંજે ૬-૦૦ વાગે ચૌવિહાર કરી યાત્રાળુઓએ મુંબઈ તરફ પ્રયાણ કર્યું હતું.

મુશ્કેલી, મથામણ છતાં પ્રેમની પ્રવાહિતાનું પરિમાણ પૂરક અને પ્રવૃત્તિશીલ રહ્યું હતું. આંખોથી ઝરતા સ્નેહ સાગર સાથે સહજને કિનારે અલૌકિક યાત્રા પ્રવાસની પૂર્ણાહૂતિ થઈ હતી.

દાતા પરિવારોના હૈયા અને મુખારવિંદ પર ગઈકાલનો ભાર ન હતો અને આવતી કાલનો ભય ન હતો. માત્ર સેવા અને સાધનાનો અભિગમ અને અનુભૂતિ હતી માટે જ સમાજના વરિષ્ઠ સભ્યો સાથે તેમની આજ ભવ્ય બની હતી.

***છાંયો આપતા વૃક્ષ કેરી અદબ અમારે જાળવવી છે,***
***છલકાયા વિના સભર રહી વાત્સલ્ય માયા માણવી છે.***

**☐ જીવન સૌરભ સમિતિ**


**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :** ESTD : 1998

**૧૫મા વર્ષમાં પદાર્પણ...પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા

સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રીમતી અલ્પા શાહ : 8080547424 - 9823218746**

સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah@yahoo.co.in

**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** Advt



**CHANGE OF ADDRESS**

Narendra Kantilal Shah
302, Ivory Heights,
Near Kanakiya Police Station, Beverly Park,
Mira Road (East)-401107.
MNK-9892919229
Sameer-9892560048

Advt


## પ્રેરણાનો પગરવ...

*કાલ્પનિક વાસ્તવિકતા અને વાસ્તવિક કલ્પનાના સહયાત્રી એટલે મુઠ્ઠી ઉંચેરી વ્યક્તિ માનનીય **'ચંદ્રા આન્ટી'**. **શ્રીમતી ચંદ્રાબેન હરસુખલાલ શાહે** જીવનભર પોતાની કલ્પનાનું જગત સર્જ્યું હોવા છતાં વાસ્તવિકતાનો નખશીખ સ્વીકારને ઋણાનુબંધ ગણે છે. વિષયની માવજત દ્વારા સ્વ થી સ્વજન તરફ જવાનો તેમણે અવિરત પ્રેરણાદાયી પ્રયાસ કર્યો છે.*

*શ્રી પાટણ જૈન મંડળના મુખપત્ર **'પાટણ પ્રતિબિંબ'ના સંપાદક** તથા સંપાદક સમિતિના સભ્ય તરીકે ૧૨ વર્ષ અવિરત, અનેકવિધ સેવા આપનાર પ્રતિભાવંત લેખિકા **શ્રીમતી ચંદ્રાબેને** નૈતિકતાનો સબળ પથ દર્શાવ્યો છે. **'નહિવત્'**ના તખલ્લુસ સાથે જૂની અને નવી પેઢીને સ્પર્શતા તેમના વિવિધ લેખો અને વિચારસરણી થકી તેમના જીવનની ખાટી મીઠી યાદો અને પત્ર શ્રેણી પ્રાર્થના સાથે શરૂ કરવાની તેમની ભાવનાને આપણે સહર્ષ આવકારીએ.*

**☐ સંપાદક સમિતિ**

આથી જણાવવાનું કે તાજેતરમાં અમારા આપ્તજન મિત્ર **શ્રી હરસુખલાલ ફત્તેહચંદ**નું અવસાન થયું છે. આ ખેદજનક ઘટનાને અનુલક્ષીને પ્રાસંગિક પત્રોની એક શ્રેણી પ્રકાશિત કરવાની ભાવના જાગી છે. આ પહેલો અંક છે. પ્રાથમિક પ્રાસ્તાવિક પ્રાર્થના સ્વરૂપે આવતા અંકમાં પ્રકાશિત કરવાની મહેચ્છા છે. આ તબક્કે સર્વ પ્રથમ રજુઆત પ્રથમ અંક માટે ફાળવી મોકલું છું. જેની કેટલાક મિત્રો તરફથી માંગ પણ મુકાઈ છે. મારા લેખન કાર્યમાં **પ્રતિબિંબ**નો હંમેશા મહત્ત્વનો ફાળો પામું છું તે મારા ધ્યાનમાં છે.

**☐ ચંદ્રા**

**પરમ પિતા પરમેશ્વર !**

અમારી એક લાડકવાયી વ્યક્તિએ અમારી વચ્ચેથી વિદાય લીધી છે. જીવનનો એક આગવો ખૂણો એકાએક સાવ ખાલીખમ વરતાવા લાગ્યો છે, પણ પ્રભુ, અમે ફરિયાદ નહિ કરીએ.

જેમ અનેક લૌકિક સંબંધોની યોજના વડે તમે અમારા સૌના સંસાર બાગને હર્યો ભર્યો રાખી આપો છો તેવી જ રીતે અમારા કેટલાક સ્નેહ સંબંધોને એકાએક ટૂંકાવી દેવા પાછળ પણ તમારી જ કોઈ કૃપા કામ કરતી હશે તેવી અમે અંતરમાં આસ્થા અનુભવીએ છીએ.

પ્રભુ અમારા મિત્રના દેહમાં વસેલા એ દિવ્ય આત્માને અલ્પ સમય માટે અમારી સાથે સંગાથ માણવા મળ્યો તે આનંદની ક્ષણો માટે અમો તમારા અત્યંત આભારી છીએ. હવે પછીની એ જીવની યાત્રા પીડા મુક્ત અને સુખદાયી રાખીને એને દિવ્ય પંથે દોરી જજો. પ્રભુ 'હરસુખ'નો આત્મા જ્યાં હોય ત્યાં તમે જ એના રાહબર બનજો અને એનો માર્ગ કંટક રહિત રાખજો.

લિ.

**હરસુખલાલ ફત્તેહચંદ શાહ પરિવાર**

# પાંચનો કરો વિચાર

આપણા ધર્મમાં અમુક અંકોનો સીધો લાભ બતાવ્યો છે. તો આપણે અમુક અંકને અશુભ પણ માનીએ છીએ. નવકારના નવની મહત્તા આપણે જાણીએ છીએ. તો આવો આજે આપણે પાંચના રકમની પણ જાણકારી થોડી મેળવીએ. આપણા ધર્મમાં પાંચની રકમની કેટલી મહત્તા છે તે જાણીએ.

સરસ્વતી દેવીને વંદન કરી જ્ઞાનના પ્રથમ ખમાસણાંથી શરૂઆત કરીએ. જ્ઞાનાચાર-દર્શનાચાર. વગેરે પાંચ આચાર છે માટે સાધુ-મહાત્માઓ પાંચ મહાવ્રતધારી કહેવાય છે. ભગવાનના પણ પાંચ કલ્યાણકો ઉજવાય છે. તેમજ પંચ કલ્યાણકની પૂજા પણ છે. પૃથ્વીકાય, વાયુમય, અપક્ષય, તેઉમય, વનસ્પતિમય મુખ્ય છે. પાંચ ઈન્દ્રિયોને આપણે વશમાં રાખવી જોઈએ. પર્યુષણ પર્વની આરાધના બાદ છઠના પારણાના બદલે પાંચમના કરેલ હતા તેમજ મહિનામાં મુખ્ય પાંચ તિથીએ લીલોતરી ત્યાગ બતાવ્યો છે. પંચમુષ્ટી લોચ કહ્યો છે. તો આપણે મુખ્ય નાકોડા ભૈરવ-માણિભદ્રવીર, ઘટાકર્ણ મહાવીર, ચક્રેશ્વરી દેવી તેમજ પદ્માવતી દેવીને આરાધના માટે આરાધ્ય દેવ-દેવી માન્યા છે જે આપણને સહાય કરે છે.

મહિનાની તિથીમાં પણ તહેવારો જ્ઞાન પંચમી-લાભ પાંચમ, વસંત પંચમી, રંગ પંચમી, નાગ પંચમી, ઋષિ પંચમી આવે છે. આપણી કાયા પાંચ મહાભુતમાં વિલિન થાય છે. તેમજ પંચામૃતમાં પણ દૂધ, દહી વગેરે આવે છે. સ્થાનાંગ સૂત્રમાં અતિથિ, કૃપણ, બ્રાહ્મણ, શ્વાન, શ્રમણ એમ પાંચ યાચક આવે છે. તેમજ પંચનિધિમાં પણ પુત્ર, મિત્ર, શિષ્ય, ધન, ધાન્ય આવે છે. પંચકમાં આપણે પાંચ જાય તેમ કહીએ છીએ. પંચ ધાતુમાં સોનું, રૂપું, તાંબુ, શીશું, લોખંડ આવે છે. પંચાંગમાં નક્ષત્ર, તિથી, વાર, યોગ, કરણ તેમજ પંચ કર્મમાં ચિકિત્સા, વિરેપન, નસ્ય, બસ્તિ, શીશેધારા આવે છે. પંચ જન્ય શંખ પણ જાણીતો છે તેમજ પાંડવો પણ પાંચ જ હતા.

ખમાસણ દેવામાં પણ પાંચ અંગને નમાવીએ છીએ. નમો સિધ્ધાણં જે ઉચ્ચ પદની પદવી આવે છે તેના અક્ષર પણ પાંચ જ છે. હાથમાં કે પગમાં પણ અંગુઠા સાથે પાંચ આંગળીઓ હોય છે. જો ચાર કે છ હોય તો શોભતા નથી. પાંચ પ્રકારે જ્ઞાન, સમિતી, મહાવ્રતો તેમજ આચાર પણ જાણીતા છે. ગામમાં કંઈ પણ થાય તો પંચની સાક્ષી લેવામાં આવે છે તેમજ પંચ જે નિર્ણય લે તે અમલમાં મુકાય છે. નાગરવેલ, આસો પાલવ તેમજ અશોક વૃક્ષના અક્ષર પણ પાંચ છે. પૂજામાં પાંચ મિઠાઈ અને પાંચ ફળ મુકવામાં આવે છે. કુમારપાળ મહારાજાએ પાંચ કોડીના ફુલ લઈને પ્રભુજીને ચઢાવ્યા તો અઢાર દેશના રાજા બન્યા હતા. આરતીમાં પણ પાંચ પ્રકાર આવે છે. પંચાન્હિકા મહોત્સવમાં પાંચ દિવસ તેમજ પંચ કલ્યાણકો પણ ઉજવાય છે. પંચ મંગળ સૂત્રમાં અરિહંત, સિદ્ધ ભગવંત, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોના નામનો ઉલ્લેખ છે.

આ રીતે પાંચનો અંક પણ ખૂબ જ મહત્ત્વનો છે.

જય જિનેન્દ્ર!

☐ **શ્રી ચંદ્રકાંતભાઈ જીવણલાલ શાહ**

## સંસ્થા સમાચાર

### સમ્રાટ સંપ્રતિની વિસરાયેલી યશોગાથા

આજથી ૨૨૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા ભારતવર્ષના સમ્રાટ સંપ્રતિ મહારાજા (પ્રિયદર્શી)ના જીવન અને તેમણે કરેલાં કાર્યોનાં ઇતિહાસની જાણકારી વર્તમાન સમયના જૈનોને થાય, તે ઉદ્દેશથી **સમ્રાટ સંપ્રતિ કલ્ચરલ એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન**'ના ઉપક્રમે **તા. ૩-૨-૨૦૧૨, સાંજે ૬-૦૦ વાગે ભારતીય વિદ્યાભવન ચોપાટી** પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે જાણીતા વિદુષી **ડૉ. કલાબહેન શાહે** લખેલા 'સમ્રાટ સંપ્રતિની વિસરાયેલી યશોગાથા' ગ્રંથનો વિમોચન વિધિ કરવામાં આવશે. કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય કવિ **શ્રી યુગરાજ જૈન** કરશે.

બે વ્યક્તિના પ્રવેશની આમંત્રણ પત્રિકા વહેલા તે પહેલા ધોરણે, વિનામૂલ્ય ફાઉન્ડેશન કાર્યાલય-મુન ગ્રુપ, કામા બિલ્ડિંગ, દલાલ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૧૧ માંથી બપોરે ૩ થી ૫ દરમ્યાન મેળવી લેવા વિનંતી..


**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલયઃમે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

**પાંજરાપોળની વિવિધ સહાય યોજના**

| | | | |
|---|---|---|---|
| પશુ માટે શેડ | રૂા. ૧,૦૦,૦૦૦ | પશુઓને એક દિવસ લાપસી અને ઘાસચારો | રૂા. ૨૧,૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧,૦૦૦ | પશુઓને એક દિવસ ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ |
| પશુઓને લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧,૦૦૦ | પશુઓને માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| આધાર સ્તંભ | રૂા. ૨૧,૦૦૦ | કાયમી ઘાસની તિથિ | રૂા. ૫,૦૦૦ |
| | | પક્ષીઓને કાયમી ચણતિથિ | રૂા. ૨,૦૦૦ |

**લાભાર્થીઓના નામ આરસની તક્તી પર લખાશે.** **લાભાર્થીઓના નામ તિથિને દિવસે બોર્ડ પર લખાશે.**

અભયદાન થકી પરભવમાં સૌભાગ્ય આરોગ્ય, દિર્ઘાયુ અને ઐશ્વર્ય સંપદા મેળવી શકાય છે.

ગુજરાત સરકારે જાહેરકરેલ ગુજરાત રાજ્યની સર્વશ્રેષ્ઠ પાંજરાપોળ ● આયકર કાયદા ૮૦જી અન્વયે સંસ્થાને આપેલ દાન મજરે મળે

સૌજન્ય : પ્રવીણચંદ્ર ઍન્ડ કું., મુંબઈ.

advt

## શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય

### વાર્ષિકોત્સવ સ્પોન્સરર

**શ્રી પાટણ ઍજ્યુકેશનલ ટ્રસ્ટ** દ્વારા **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય** કેમ્પસમાં દર વર્ષે વાર્ષિકોત્સવ ભવ્ય રીતે ઉજવાય છે તે મુજબ ચાલુ સાલે, **મંગળવાર તા. ૨૭-૩-૨૦૧૨**ના દિને વાર્ષિકોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વાર્ષિકોત્સવના સ્પોન્સરર તરીકે **મુખ્ય દાતા તરીકેના રૂા. ૫૧,૦૦૦ તથા સહાયક દાતાના રૂા. ૩૧,૦૦૦** રાખવામાં આવેલ છે. શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા સમાજના દાતાઓને લાભ લેવા આગ્રહભરી વિનંતી છે. દાતાઓના નામો બેનર ઉપર યોગ્ય રીતે અનયત્ર પ્રસિદ્ધ કરવામાં આવશે.

### નવા શૈક્ષણિક વિભાગ માટે દાતાઓને વિજ્ઞપ્તી

પાટણ (ઉત્તર ગુજરાત) ખાતે આપણી શાળા–છાત્રાલય કેમ્પસમાં જૂન ૨૦૧૨થી બાલમંદિરના નવા વર્ગો, પ્લેગ્રુપ તથા જૂનિયર કે.જી. શરૂ કરવાનું નક્કી થયેલ છે. તેની પ્રાથમિક તૈયારીઓ શરૂ કરેલ છે. 'બાલમંદિર'નો શૈક્ષણિક નવો વિભાગ શરૂ થનાર છે, જે ક્રમશઃ સિનીયર કે. જી. અને ધોરણ ૧ થી ૪ના નવા વર્ગો સુધી વિસ્તૃત થશે. હાલમાં ધોરણ ૫ થી ૮નો પ્રાથમિક વિભાગ, તેમજ ધોરણ ૯ થી ૧૦નો માધ્યમિક વિભાગ, તેમજ ધોરણ ૧૧ થી ૧૨નો ઉચ્ચ માધ્યમિક વિભાગ શાળામાં કાર્યરત છે.

આ શરૂ થનાર નવા શૈક્ષણિક વિભાગને દાતાશ્રીનું નામ આપી શકાશે અને તે નામે બાલમંદિર વિભાગ સાકાર થશે. જે કોઈ દાતાની દાન આપવાની ભાવના હોય તેઓએ સંપર્ક કરવા વિનંતી.

**શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી.** 9820088997. ● **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ.** 9322250722 .

### અભિનંદન

કેન્દ્ર સરકાર દ્વારા ચાલતી **'જવાહર નવોદય યોજના'** હેઠળ **પાટણ જિલ્લા**ના ફક્ત ૬ વિદ્યાર્થીઓના સિલેક્શનમાં **આપણી શાળાની વિદ્યાર્થિની પટેલ સાક્ષી સંજયકુમાર(ધોરણ ૬)**નું પણ સિલેક્શન થયું છે જે શાળા અને સંસ્થા માટે ગૌરવરૂપ બાબત છે. વિદ્યાર્થિનીને તેની ઉજ્જવળ કારકીર્દિ માટે સંસ્થા શુભેચ્છા પાઠવે છે.

**□ માનદમંત્રીઓ–વિદ્યાલય સમિતિ**


### MATRIMONIAL

**NAME : RUCHITA SURESHBHAI NEMCHANDBHAI SHAH**
Mother's Name : Ilaben Sureshbhai Shah
Mahollo : Kumbharia Pado
Birth Date : 1-12-1983; Height : 5'-3"
Education : B. Com. Graduate with C.S., C.F.A. & M.B.A.
Cotact No. : 9819763187. Advt

### લગ્નસંબંધી

યુવકનું નામ : **ચિરાગ જયેશભાઈ શાહ**
માતા–પિતા : મીતાબેન જયેશભાઈ શાહ
જન્મ : તા. ૨૯-૦૫-૧૯૮૧. અભ્યાસ : **S.Y.B.Com.**
સમય : ૭.૫૦ સાંજના, સ્થળ : મુંબઈ, હાઈટ: ૫'-૮''
Occupation : જ્વેલરી મેન્યુફેક્ચર
Contact : 9320583906 - મહોલ્લો : ખેતરવસી જાxખ

### લગ્નસંબંધી

Name : **DEEPESH A. SHAH**
Father's Name : Amit Ramanlal Shah
Mother's Name : Meena Amit Shah
Date of Birth : 29-04-1984; Mumbai
Patan Mohalla : Lakhiyarwado
Education : **Bachelor of Commerce (Marketing) USA**
Occupation : **Hamilton Brewart Insurance Agency (L.A.)**
Address : 1975, Windsong Drive, Schaumburg, Chicago. ILL-60194.
(Mobile) : 847-882-5828
Email : mshah54@hotmail.com
Mumbai Contact No. : **22819207 / 9819363242**
**Now in India** Advt

### લગ્નસંબંધી

પાટણ નિવાસી, હાલ–મુંબઈ સ્થિત
વિશા શ્રીમાળી જૈન યુવક,
જન્મ : ૧૯૮૨, ઊંચાઈ : ૬'–૨'', B.Com, M.B.A.
માટે યોગ્ય કન્યાના વડીલો સંપર્ક કરે.
મોબાઈલ : 9820535641 / 9820850106. જાxખ

ૐ શ્રી ઋષભનાથાય નમઃ

### લગ્ન સંબંધી

**નામ : અવિત વિપુલભાઈ શાહ**
માતા : અનિતાબેન; મહોલ્લો : કનાસાનો પાડો
જન્મ તારીખ : ૨૬-૦૫-૧૯૮૬ ● ઊંચાઈ : ૫'-૧૧''
અભ્યાસ : Computer Engineer
જોબ : Technology Analyst at Infosys
ફોન : 9869610264 / 2383984 Advt

# એક સિતારો વિલાઈ ગયો...!

આટલું બધું વહાલ તે કદી હોતું હશે !
કોઈ પારેવું વાદળ ભરીને રોતું હશે !

એક ઝળહળતો પ્રજ્વલિત સિતારો સામાજિક ગગનગોખમાંથી અણધાર્યો અકાળે આપણી વચ્ચેથી વિલિન થઈ ગયો.

સંસ્થા અને સમાજ વચ્ચેના સફળ સંગઠન અને સર્જનયાત્રાના સાથી અને સારથિ **શ્રી સુધીરભાઈ નવિનચંદ્ર શાહ**નું મુંબઈ મધ્યે તા. ૧-૧-૨૦૧૨ના રોજ ટૂંકી માંદગી બાદ નિધન થયું અને સંસ્થા તેમજ સમાજે અસહ્ય કઠોર આઘાત અનુભવ્યો.

શાંત, સૌમ્ય, સાલસ અને નિખાલસ પ્રકૃત્તિ ધરાવતા **શ્રી સુધીરભાઈ** બહોળા મિત્રવર્ગમાં જાણીતા અને માનીતા હતા. સંસ્થાનું હિત અને હેત સદૈવ તેમના હૈયે વસેલું હતું. તન, મન, ધનથી સહાયક થઈ સભર થવાનો જીવનમંત્ર તેઓશ્રીએ સિદ્ધ કર્યો હતો. જીવદયા અને ધર્મને પ્રવૃત્તિશીલ બનાવી, સમર્પિત થઈ જિંદગીના પ્રત્યેક વળાંકને શીતળતાનો સ્પર્શ આપી દરેક ક્ષણને સાધનાની ક્ષણ બનાવી હતી.

**શ્રી પાટણ જૈન મંડળ**, **જીવન સૌરભ સમિતિ** દ્વારા આયોજીત **શ્રી શાહપુર ધર્મચક્રનો યાત્રા પ્રવાસ** તેમની અખૂટ મહેનતને પરિણામે જ શક્ય બન્યો હતો. સૌના સંમિત્ર એવા **સ્વ. શ્રી સુધીરભાઈ** દાતાશ્રી **દાનેશભાઈ માટલીવાળા** તેમજ **શ્રી મયુરભાઈ**ના અંગત મિત્ર હતા. સંસ્થાના **પ્રમુખ તથા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી દીનેશભાઈ રસિકલાલ શાહ** તથા સંસ્થાના ટ્રસ્ટી તથા જીવન સૌરભના કન્વિનર શ્રી **નવીનચંદ્ર નેમચંદ ગુંદરવાલા** સાથે તેઓએ પણ પ્રવાસના કાર્યક્રમ દરમ્યાન ભવ્ય આદરાંજલિ આપી હતી. એક સદાબહાર વ્યક્તિ વિશેષ તરીકે પોતાની બુદ્ધિમત્તાથી હકારાત્મક અભિગમ સાથે વાતનો વ્યવહારિક હલ શોધવામાં તેઓ પાવરધા હતા.

સંસ્થાએ એક સેવાભાવી સંન્નિષ્ઠ અને અદના કાર્યકરને ગુમાવ્યા છે. તેમના અવસાનથી ઉદ્‌ભવેલો ખાલિપો ક્યારેય પૂરાશે નહીં. પ્રભુ સદ્‌ગતના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે અને પરિવારજનોને આ કઠોર આઘાત સહન કરવાની શક્તિ આપે એ જ અભ્યર્થના !

*અમિ ભરેલી નજરો તમારી, અને ક્ષમા દયાના સાગર,*
*સદૈવ ભીંજવે અમને તમારી પ્રેરણાનો મહાસાગર !*

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં ૪૫ વર્ષની વય ઉપરનાઓ માટે ક્રિકેટ મેચ

મંડળની સ્પોર્ટ્સ સમિતિ દ્વારા સમાજના ૪૫ વર્ષ કે તેથી વધુ વયના ભાઈઓ માટે એક દિવસીય પ્રદર્શન મેચનું તા. ૫ ફેબ્રુઆરીના બદલે રવિવાર તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ ગોરેગાંવ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજન કરવામાં આવેલ છે. જેમાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓએ પોતાનું પૂરૂં નામ, ઉંમર, પાટણનો મહોલ્લો, રહેઠાણ વિસ્તાર, મોબાઈલ નંબર સહિતની વિગતો **તા. ૧૫-૨-૨૦૧૨ સુધીમાં** મંડળના મરીન ડ્રાઈવ તથા ગોરેગામ ખાતેના કાર્યાલયમાં રૂા. ૧૦૦/- રીફન્ડેબલ ડીપોઝીટ ભરી નોંધાવવા વિનંતી છે. જે મેચ પૂર્ણ થયા બાદ પરત કરવામાં આવશે. મેચનો પૂર્ણ આનંદ મેળવી શકાય તેવા શુભ આશયે આપ ખેલમાં બેટીંગ, બોલીંગ, ફિલ્ડીંગ, વિકેટ કીપીંગ વગેરેમાંથી જે ક્ષેત્રે વધુ પાવરધા હોય તે ખાસ જણાવશો. જેથી ટીમોની સુયોગ્ય ગોઠવણી કરી શકાય.

❑ **સ્પોર્ટ્સ સમિતિ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતમા આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | ચોધરીની શેરી | ચંપાબેન બાબુલાલ શાહ (ભરૂચવાળા) | ૯૪ | શીરપુર | ૨૮-૧૧-૧૧ | કારતક સુદ-૦૪ |
| વિશાશ્રીમાળી | ઢંઢેરવાડો | જયશ્રીબેન દીપકભાઈ શાહ | ૬૦ | મુંબઈ | ૧૬-૧૨-૧૧ | કારતક વદ-૦૬ |
| સાલવી | સાલવી વાડો | પ્રેમિલાબેન જયંતીભાઈ સાલવી | ૬૭ | મુંબઈ | ૨૧-૧૨-૧૧ | માગસર વદ-૧૧ |
| વિશાશ્રીમાળી | ભાભાનો પાડો | કેશવલાલ મંગલચંદ શાહ | ૯૮ | મુંબઈ | ૨૩-૧૨-૧૧ | માગસર વદ-૧૪ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | પ્રવીણભાઈ ભગવાનદાસ શાહ | ૬૮ | મુંબઈ | ૨૫-૧૨-૧૧ | પોષ સુદ-૦૧ |
| વિશાશ્રીમાળી | ઘીવટો-તંબોલીવાડો | કુસુમબેન વ્રજલાલ શાહ (જાફુજીવાળા) | ૮૫ | મુંબઈ | ૨૫-૧૨-૧૧ | પોષ સુદ-૦૧ |
| વિશાશ્રીમાળી | ઢંઢેરવાડો | ગુણવંતીબેન શાંતિલાલ શાહ | ૭૭ | પાટણ | ૨૬-૧૨-૧૧ | પોષ સુદ-૦૨ |
| વિશાશ્રીમાળી | પોળની શેરી | નિરંજનાબેન હિરાલાલ શાહ | ૭૪ | મુંબઈ | ૨૭-૧૨-૧૧ | પોષ સુદ-૦૩ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | વસંતલાલ ભીખાભાઈ શાહ | ૭૫ | મુંબઈ | ૨૭-૧૨-૧૧ | પોષ સુદ-૦૩ |
| વિશાશ્રીમાળી | પોળની શેરી | કાંતાબેન શાંતિલાલ શાહ | ૮૪ | મુંબઈ | ૨૯-૧૨-૧૧ | પોષ સુદ-૦૫ |
| સાલવી | સાલવી વાડો | ભગવતીબેન કાંતિલાલ શાહ (સાલવી) | ૮૦ | મુંબઈ | ૩૧-૧૨-૧૧ | પોષ સુદ-૦૭ |
| દશાશ્રીમાળી | મારફતીયા મહેતાનો પાડો | સુધીરભાઈ નવીનચંદ્ર શાહ | ૬૩ | મુંબઈ | ૦૧-૦૧-૧૨ | પોષ સુદ-૦૮ |
| | કનાસાનો પાડો | ઉષાબેન દિનેશભાઈ શાહ | ૭૧ | મુંબઈ | ૦૬-૦૧-૧૨ | પોષ સુદ-૧૨ |
| સાલવી | સાલવી વાડો | કાંતાબેન બાબુલાલ સાલવી | ૭૮ | મુંબઈ | ૦૯-૦૧-૧૨ | પોષ સુદ-૧૫ |

● *ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો

## સાભાર સ્વીકાર

**મંડળના વિવિધ ફંડો તથા પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક આર્થિક ભેટ આપવા બદલ સર્વે શુભેચ્છકોનો હાર્દિક આભાર**

**શ્રીમતી સુધાબેન પનાલાલ ચુડઘર મેડિકલ રિલીફ ફંડ**

૨૭૦૦૦૦ શ્રી મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ (ચોધરીની શેરી) (મે. કાંતિલાલ મણિલાલ ઍન્ડ કંપની પરિવાર)

**શ્રી દીપકભાઈ ચંપકલાલ જેશીંગભાઈ ઝવેરી શૈક્ષણિક સહાય ફંડ**

૧૨૫૦૦૦ શ્રી દીપકભાઈ ચંપકલાલ જેશીંગભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)

**શ્રી શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૭૫૦૦૦ શ્રી દીપકભાઈ ચંપકલાલ ઝવેરી, (મનમોહનજીની શેરી) હસ્તે : શ્રી આશિષભાઈ દીપકભાઈ ઝવેરી

**શ્રીમતી કલાવતીબેન કાંતિલાલ મફતલાલ ચુડઘર ઓર્થોપેડિક રિલીફ ફંડ**

૨૯૦૦૦ શ્રી મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ (ચોધરીની શેરી) (મે. કાંતિલાલ મણિલાલ ઍન્ડ કંપની પરિવાર)

**શ્રી મેડિકલ (કેન્સર) રિલીફ ફંડ**

૨૫૦૦૦ શ્રી વિક્રમભાઈ કાંતિલાલ શાહ (ભાભાનો પાડો) સ્વ. શ્રી કાંતિલાલ મંગલદાસ શાહની ૨૫મી પુણ્યતિથિ નિમિત્તે

**શ્રી પનાલાલ મફતલાલ ચુડઘર વિકલાંગ ઉત્કર્ષ નિધિ ફંડ**

૨૦૦૦૦ શ્રી મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ (ચોધરીની શેરી) (મે. કાંતિલાલ મણિલાલ ઍન્ડ કંપની પરિવાર)

**સમાજ વિકાસ ભેટ**

૧૧૧૦૦૦ શ્રી અનિલભાઈ મહાસુખલાલ શાહ પરિવાર (કોકાનો પાડો)

**દવા સહાય, વૃદ્ધજન સહાય, શિક્ષણ સહાય, વિકલાંગ ઉત્કર્ષ, આર્થિક સહાય ભેટ**

૨૫૦૦૦ શ્રી વાલ્મિકભાઈ સેવંતીલાલ મણિયાર તથા શ્રી ભરતભાઈ સેવંતીલાલ મણિયાર હસ્તે : શ્રીમતી વીણાબેન વાલ્મિકભાઈ મણિયાર સ્વ. શ્રી સેવંતીલાલ ચુનીલાલ મણિયારની પોષ સુદ ૧૧ના ર૮મી પુણ્યતિથિ નિમિત્તે

**જીવન સૌરભ પ્રવાસ ભેટ**

૫૦૦૦ શ્રીમતી મૃદુલાબેન કીર્તિલાલ શાહ, હસ્તે : શ્રી મુકેશભાઈ કીર્તિલાલ શાહ (ખેતરવસી) શાહપુર યાત્રાથી પ્રેરાઈને

**શ્રી વિકલાંગ ઉત્કર્ષ (દત્તક યોજના) ભેટ**

૩૬૦૦૦ શ્રી મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ (ચોધરીની શેરી) (મે. કાંતિલાલ મણિલાલ ઍન્ડ કંપની પરિવાર)

**શ્રી વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૨૦૦૦ શ્રી હરસુખ બી. મહેતા ચેરિટેબલ ટ્રસ્ટ

૧૦૦૧ શ્રીમતી કોકિલાબેન દીપકભાઈ શાહ (ખેતરવસી) ચિ. સચીન તથા ચિ. મિતલના જન્મદિનની ખુશાલીમાં

**શ્રી દવા સહાય ભેટ**

૧૦૦૧ શ્રી અશ્વિનભાઈ અંબાલાલ શાહ (લખીયાર વાડો) શ્રીમતી ઉષાબેન અશ્વિનભાઈ શાહના ઉપધાન તપ પાંત્રીસુ નિમિત્તે

**શ્રી શિક્ષણ સહાય ભેટ**

૧૦૦૧ શ્રી મણિલાલ ગભરૂચંદ શાહ હસ્તે : શ્રી પ્રફુલભાઈ મણિલાલ શાહ (મણીયાતી પાડો)

૧૦૦૦ શ્રીમતી ભદ્રાબેન પ્રવીણચંદ્ર શાહ (ખેતરવસી) સ્વ. શ્રી પ્રવીણચંદ્ર કેશવલાલ શાહની પોષ સુદ ૨ના પુણ્યતિથિ નિમિત્તે

૫૦૦ શ્રીમતી પરેશાબેન પ્રવીણચંદ્ર શાહના જન્મદિન નિમિત્તે (મલ્લાતનો પાડો) હસ્તે : શ્રી પ્રવીણભાઈ નવીનચંદ્ર શાહ પરિવાર

**હેલ્થકેર સાધન ભેટ**

૧૦૦૧ શ્રીમતી સ્મિતાબેન એસ. શાહ

૧૦૦૦ શ્રી મિલીન્દભાઈ સદાશીવ કાલે

---

### શ્રી પાટણ જૈન મંડળ

**પ્રોગ્રામ સમિતિ આયોજિત**

### શ્રીમતી કમળાબેન પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા

**પ્રેરિત**

## પચીસમો સમૂહ લગ્ન સમારોહ

**શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા સમાજના તમામ સ્તરના કુટુંબો માટે પચીસમા સમૂહલગ્ન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે.

**દિનાંક :** સંવત-૨૦૬૮, ફાગણ વદ-૧૧
રવિવાર તા. ૧૮-૩-૨૦૧૨. **સમય :** સાંજના
સ્થળ : આઈ.બી. પટેલ સ્કૂલ પટાંગણ, ગોરેગામ (વેસ્ટ)

સમૂહ લગ્નમાં જોડાવવા અંગેના ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી લેવા.

**ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૩૧-૧-૨૦૧૨ છે.**

**વધુ માહિતી માટે સંપર્ક :**

**શ્રી પાટણ જૈન મંડળ કાર્યાલય-૨૨૮૧૧૩૪૬**

**નોંધ :** સમૂહલગ્નમાં ત્રણ યુગલોના નામ નોંધાયેલ છે.

□ **પ્રોગ્રામ સમિતિ**

Extending helping hand in the education, selfreliance & medical requirements of the needy members of the society with the co-operation of sincere, elite, affluent & compassionate donors of the community

## SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

### A NOVEL & UNIQUE CONSTRUCTIVE APPROACH

### MUKHYA DATA

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Mafatlal Chudghar Cheritable Trust, Chodhrini Sheri
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Shri Sevantilal Kantilal Trust, Kumbhariya Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By: Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Hansaben Manharbhai Keshavlal Shah, By : Shri Shrenikbhai Manharlal Shah, Lakhiyarvado
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Smt. Subhdraben Ramanlal Shah, Cheritable Trust, Kumbhariya Pado
- Smt. Bhagvatiben Vinodchandra Matliwala, By: Shri Daneshbhai, Kanasano Pado
- Shri Dipakbhai Champaklal Jesinglal Zaveri (Manmohanjini Sheri)

### ADHARSTHAMBH DATA

- Smt. Subhdraben Bhogilal Zaveri (Saheba), Chodhrini Sheri
- Smt. Kusumben Amrutlal Shah, Kapoor Mahetano Pado
- Shri Hitenbhai Champaklal Shah (Vimawala), Khetarvasi
- Shri Pravinchandra Vrujlal Shah (Mantri) By: Shri Viresh Pravinchandra Shah, Kanasano Pado
- Shri Ashokbhai Popatlal Shah, By: Shri Chiragbhai, Kanasano Pado
- Shri Hemantbhai Kantilal Salvi, Salvi Vado
- Shri Shantilal Rikhavchand Shah, Kokano Pado
- Late Shrimati Jinbalaben Hasmukhlal Shah By: Shrimati Kanakben Ketanbhai Shah, Dhandhervado
- Shri Navinbhai Nemchandbhai Shah (Gundarwala), Vasupujyani Sheri
- Smt. Sarlaben Vijaybhai Hiralal Shah, Kasumbiyavado
- Shri Keshrichand Jeshinglal Shah, Dhandhervado
- Shri Navinchandra Khubchand Shah, Dhandhervado
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Smt. Pushpaben Sevantilal Shah, Dank Mahetano Pado
- Shri Sudhirbhai Navinchandra Shah, Marfatiya Mahetano Pado
- Shri Mahasukhlal Keshavlal Shah, By: Shri Pankajbhai, Shri Rohitbhai, Shri Bharatbhai (Marfatiya Mahetano Pado)

## LAND AND BUILDING FUND

Late Smt. Gitaben Rakeshbhai Shah - Rs. 2 Crores

## *REVOLVING FUND : Target Rs. 5 Crores*

To provide interest free Educational Loan

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | **Rs. 25 Lakhs** |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | **Rs. 25 Lakhs** |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | **Rs. 15 Lakhs** |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | **Rs. 5 Lakhs** |

For studies in India, Shree Patan Jain Mandal shall provide interest free Educational loan up to Rs. 2 lakhs to deserving PATANI students for their higher studies and high cost specialised courses.

## MEMORIAL FUND

MOST WELCOME & WORTH FOLLOWING DONATION MADE THROUGH THE WILL

| Name of the donor | Amount of donation |
|---|---|
| Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | **Rs. 8 Crores** |
| Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | **Rs. 10 Lakhs** |

The donors donating in **MEMORIAL FUND** through their will – it can be utilised for special activites of the **MANDAL**

### SAHAYAK DATA

- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Pradipbhai Laxmichand Zaveri, Kobe-Japan
- Shri Kanchanlal Vadilal Shah, Manmohanjini Sheri
- Shri Navinchandra Chimanlal Maniyar, Chodhrini Sheri
- Shri Rameshbhai Sanalal Shah, Mallatno Pado
- Late Smt. Nirmlaben Chandrakant Shah, Polni Sheri
- Shri Vardhmanbhai Nagindas Shah, Kesushethno Pado
- Late Dr. Jayantilal Manilal Patni, Manmohanjini Sheri
- Shri Bhagwandas Poonamchand Shah, By: Manishbhai Bhagwandas Shah (Madras), Kanasano Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Shri Jitendrabhai Manilal Shah, Bhabhano Pado
- Late Shri Pratapchand Bhaichand Salvi, Salviwado
- Smt. Virmatiben Pratapchand Salvi, Salviwado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado
- Shri Anilbhai Mahasukhlal Shah, Kokano Pado

### SHUBHECHHAK DATA

- Shri Krishitbhai Bhaveshbhai Devendrabhai Shah, By : Shri Devendrabhai Bhogilal Shah, (Jafujiwala), Tamboli Vado

Edited,Printed & Published by Bhartiben Bhagubhai Shah on behalf of Shri Patan Jain Mandal and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.